સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

WEEK 03

[10/01/21 to 16/01/21]

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)




સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com


CONTACT US :
93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**10 JAN-2021**

- દિવસ મહિમા : 10 જાન્યુઆરી, (1) વિશ્વ હિન્દી દિવસ (2) વિશ્વ હાસ્ય દિવસ ..... 02
- ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીનું નિધન..... 03
- BEMLમાં વ્યૂહાત્મક વિનિવેશ માટે સરકારે દેશી અને વિદેશી રોકાણકારો પાસેથી એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI)ને આમંત્રણ આપ્યું..... 04
- ગ્રામીણ સ્વચ્છતા માટે ICARની 'મારું ગામ, મારું ગૌરવ' પહેલ..... 05
- QUESTION ANSWERS..... 06

**11 JAN-2021**

- બર્ડફ્લૂના કારણે ભારતમાં અનેક પક્ષીઓના મોત ..... 08
- ગુજરાતમાં તૈયાર થયેલી K-9 વજ ટેન્કને મુખ્યમંત્રીશ્રીએ લીલીઝંડી આપી..... 09
- ઈસરો 100 અટલ ટિન્કરીંગ લેબ્સ દત્તક લેશે..... 10
- કેન્દ્રીય મંત્રી શ્રી નીતિન ગડકરી 'ખાદી પ્રાકૃતિક પેઇન્ટ' લોન્ચ કરશે..... 11
- QUESTION ANSWERS..... 13

**12 JAN-2021**

- દિવસ મહિમા : 12 જાન્યુઆરી, રાષ્ટ્રીય યુવા દિન..... 15
- ગાંધીનગરના ગિફ્ટસિટીમાં ટૂરિઝમ એવોર્ડ-2020 મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં યોજાયો..... 16
- અરૂણાચલ પ્રદેશના ડેપો અને તમાંગ વિસ્તારમાં વેનેડિયમ મળી આવ્યું..... 17
- DRDOએ Unmanned Aerial Vehicle, TAPAS માટે રિટ્રેક્ટેબલ લેન્ડિંગ ગિયર સિસ્ટમ વિકસાવી..... 18
- RBI મોટા મૂલ્યના લેણ-દેણ પર નજર રાખવા માટે લીગલ એન્ટિટી આઇડેન્ટિફાયર (LEI) સિસ્ટમ લાગુ કરશે..... 19
- QUESTION ANSWERS..... 20

**13 JAN-2021**

- સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારના ત્રણેય કૃષિ કાયદાનો અમલ સ્થગિત કર્યો અને વિવાદ ઉકેલવા સમિતિની રચના કરી..... 22
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વર્ષ 2021-25 માટે નવી ટુરિઝમ પોલિસી જાહેર કરી..... 23
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ દેશના પ્રથમ રોજગારલક્ષી ઓનલાઈન કોલ સેન્ટર 'રોજગાર સેતુ'નો ઈ-પ્રારંભ કરાવ્યો..... 26
- ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા હેન્લી પાસપોર્ટ ઈન્ડકેસ જાહેર કરાયો..... 27
- QUESTION ANSWERS..... 29

**14 JAN-2021**

- દિવસ મહિમા : 14 જાન્યુઆરી, વિશ્વ તર્ક દિવસ (World Logic Day)..... 31
- કેન્દ્ર સરકારે 83 સ્વદેશી તેજસ યુદ્ધ વિમાન ખરીદવા મંજૂરી આપી..... 31
- 41મા વિશ્વમંગલ સપ્તક સંગીત સમારોહનું સમાપન..... 32
- યુનાઇટેડ નેશન્સ, વર્લ્ડ બેંક અને ફ્રાંસ દ્વારા 'વન પ્લેનેટ સમિટ'નું આયોજન કરાયું..... 33
- પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY)એ પાંચ વર્ષ પૂર્ણ કર્યા ..... 34
- QUESTION ANSWERS..... 35

**15 JAN-2021**

- દિવસ મહિમા : 15 જાન્યુઆરી, થલ સેના દિવસ (Army Day)..... 37
- ભારતીય નૌસેના દ્વારા દરિયાઇ સંરક્ષણ કવાયત 'સી-વિજિલ-21'નું આયોજન કરાયું..... 37
- કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા 'કાયાકલ્પ એવોર્ડ' રજૂ કરવામાં આવ્યા..... 38
- QUESTION ANSWERS..... 40

**16 JAN-2021**

- નવી વિદેશ વેપાર નીતિ 1 એપ્રિલથી અમલમાં આવશે..... 41
- ગુજરાતનો સૌપ્રથમ અને સૌથી મોટો જ્ઞાનવર્ધક રિયાલિટી શો 'સવાલોના સવા કરોડ'..... 43
- ભારતની પ્રથમ સ્વદેશી મશીન પિસ્તોલ 'ASMI' સંયુક્ત રૂપે DRDO અને ભારતીય સેના દ્વારા વિકસાવવામાં આવી..... 44
- પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાનુ ત્રીજુ ચરણ 15 જાન્યુઆરીએ શરૂ કરવામાં આવ્યું..... 45
- QUESTION ANSWERS..... 46

**ONE LINER** ..... 47

**QUESTION OF THIS WEEK** ..... 54

# દિવસ મહિમા : 10 જાન્યુઆરી, (1) વિશ્વ હિન્દી દિવસ (2) વિશ્વ હાસ્ય દિવસ

## વિશ્વ હિન્દી દિવસ

- **10 જાન્યુઆરી**ના રોજ **'વિશ્વ હિન્દી દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર વિશ્વમાં હિન્દી ભાષા અંગે જાગૃતિ લાવવાનો તથા એક આંતરરાષ્ટ્રીય ભાષા તરીકે હિન્દી ભાષાને પ્રસ્તુત કરવાનો છે.

## 10 જાન્યુઆરીના રોજ શા માટે 'વિશ્વ હિન્દી દિવસ' ઉજવાય છે ?

- **10 જાન્યુઆરી, 1975**ના રોજ ભારતમાં **નાગપુર** ખાતે **પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનનું** આયોજન થયું હતું.
- આથી, આ પ્રથમ વિશ્વ હિન્દી સંમેલનની યાદમાં ભારત સરકાર દ્વારા **વર્ષ 2006**થી **10 જાન્યુઆરી**ને **'વિશ્વ હિન્દી દિવસ'** તરીકે ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.

## 'હિન્દી દિવસ' અને 'વિશ્વ હિન્દી દિવસ' વચ્ચે શું ફરક છે ?

- **ભારત**માં દર વર્ષે **14 સપ્ટેમ્બર**ના રોજ **'હિન્દી દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.
- જ્યારે 10 જાન્યુઆરીના રોજ **વિશ્વભર**માં **'વિશ્વ હિન્દી દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.
- **14 સપ્ટેમ્બર, 1949**ના રોજ **બંધારણસભા**એ સર્વાનુમતે એ નિર્ણય કર્યો હતો કે, **હિન્દી** જ ભારતની રાજભાષા હશે.
- આથી, આ દિવસની યાદમાં 14 સપ્ટેમ્બરના રોજ ભારતમાં 'હિન્દી દિવસ' ઉજવાય છે.
- 'હિન્દી દિવસ' અને 'વિશ્વ હિન્દી દિવસ'માં મુખ્ય તફાવત એ છે કે 'હિન્દી દિવસ'ની ઉજવણી ભારતમાં રાષ્ટ્રીય સ્તરે થાય છે. જ્યારે 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી આંતરરાષ્ટ્રીય સ્તરે હિન્દી ભાષા અંગે જાગૃતિ લાવવા માટે થાય છે.

**ICE FACT :**

(1) **રાષ્ટ્રીય ભાષા પ્રચાર સમિતિ, વર્ધા**ની વિનંતીથી **વર્ષ 1953**થી સમગ્ર ભારતમાં **14 સપ્ટેમ્બર 'હિન્દી દિવસ'** તરીકે ઉજવાય છે.

(2) **વર્ષ 1918**માં યોજાયેલા **હિન્દી સાહિત્ય સંમેલનમાં મહાત્મા ગાંધીજીએ** હિન્દી ભાષાને ભારતની **'રાષ્ટ્રભાષા'** બનાવવાનું જણાવ્યું હતું. તેમણે હિન્દીને **'જનમાનસ'**ની ભાષા ગણાવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) ભારતીય બંધારણના **ભાગ-17**ના **અનુચ્છેદ-343(1)** અનુસાર સંઘની રાજભાષા **'હિન્દી'** અને લિપિ **'દેવનાગરી'** હશે.

(2) જોકે ભારતમાં 'હિન્દી' ભાષાને રાજભાષાનો દરજ્જો અપાતા બિન–હિન્દી ભાષી રાજ્યના લોકોએ તેનો વિરોધ કર્યો હતો. આથી ભારતમાં અંગ્રેજીને પણ 'રાજભાષા'નો દરજ્જો આપવામાં આવ્યો છે.

## ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકીનું નિધન

**ગુજરાતના ચાર વખત મુખ્યમંત્રી** અને **કેન્દ્ર સરકારમાં આયોજનમંત્રી**, **વિદેશમંત્રીની** જવાબદારી સંભાળી ચૂકેલા 94 વર્ષના **શ્રી માધવસિંહ સોલંકીનું ગાંધીનગર** ખાતે નિધન થયું હતું.



- તેમના નિધન બાદ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં રાજકીય શોક જાહેર કર્યો હતો.

### શ્રી માધવસિંહ સોલંકી

શ્રી માધવસિંહ સોલંકીનો જન્મ 30 જુલાઈ, 1927ના રોજ **મહેસાણા** જિલ્લાના **પીલુદરા** ગામ ખાતે થયો હતો.

- કોંગ્રેસ ઈન્ડિકેટનું પ્રતિનિધિત્વ કરતા તેઓ **ગુજરાતના સાતમા મુખ્યમંત્રી** બન્યા હતા.
- તેઓ **વર્ષ 1976-77, 1980-85, 1985** અને **1989-90** એમ **ચાર વખત ગુજરાતના મુખ્યમંત્રી** બન્યા હતા.
- તેઓ વર્ષ 1980માં ચૂંટાઈ આવી **વિધાનસભામાં** પોતાનો **પાંચ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરનાર પ્રથમ મુખ્યમંત્રી** બન્યા હતા.
- તત્કાલીન સમયે તેઓએ **'કુટુંબપોથી'** દાખલ કરી હતી.
- **નર્મદા વિકાસ** માટે **વિશ્વબેંક** પાસેથી રૂપિયા 500 કરોડની લોન તેમના કાર્યકાળ દરમિયાન પ્રાપ્ત થઈ હતી.
- ઔદ્યોગિક ક્ષેત્રના વિકાસમાં ગુજરાત ભારતમાં તેમના કાર્યકાળ દરમિયાન આઠમા ક્રમેથી ત્રીજા ક્રમાંકે આવ્યું હતું.
- તેમના કાર્યકાળ દરમિયાન જ **ભરૂચમાં GNFC** (ગુજરાત નર્મદાવેલી ફર્ટિલાઈઝર કંપની)ની સ્થાપના 1976માં થઈ હતી.
- તેમના સમયમાં ગુજરાતમાં **મધ્યાહન ભોજન યોજના**ની શરૂઆત થઈ હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- તેઓના મુખ્યમંત્રી કાર્યકાળ દરમિયાન ગુજરાતમાં યુનિવર્સિટી સુધીનું કન્યાશિક્ષણ મફત થયું હતું.
- તેઓ તેમના કાર્યકાળ દરમિયાન ગુજરાતની રાજનીતિમાં 'KHAM' થિયરી લાવ્યા હતા.
- તેઓ વહિવટીતંત્રમાં અનામત અને કર્મચારીઓ માટે રોસ્ટર પદ્ધતિ લાવ્યા હતા.
- તેમના મુખ્યમંત્રી કાર્યકાળ દરમિયાન જાન્યુઆરી 1981માં પ્રથમ અનામત આંદોલન શરૂ થયું. જેમાં OBCમાં 5% વધારો કારણભૂત હતો અને આ બેઠકો ન ભરાય તો આગળના વર્ષમાં કેરી ફોરવર્ડ કરવાની જોગવાઈ હતી.
- આ આંદોલનના પગલે વિદ્યાર્થીનું ભણતર રઝળ્યું અને ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર પરીક્ષા આપ્યા વગર વિદ્યાર્થીઓ આગલા વર્ષમાં માસ પ્રમોશન પામ્યા હતા.
- ઈ.સ. 1985માં તેઓ ત્રીજીવાર ગુજરાતના મુખ્યમંત્રી બન્યા અને OBCની બેઠકમાં 10%નો વધારો કર્યો. જેના પગલે બીજું અનામત આંદોલન (1985)માં થયું. પરિણામે તેમણે રાજીનામું આપવું પડયું.

## BEMLમાં વ્યૂહાત્મક વિનિવેશ માટે સરકારે દેશી અને વિદેશી રોકાણકારો પાસેથી એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI)ને આમંત્રણ આપ્યું

કેન્દ્ર સરકારે ભારત અર્થ મૂવર્સ લિમિટેડ (BEML)માં વ્યૂહાત્મક વિનિવેશ (સ્ટ્રેટેજીક ડિસઈન્વેસ્ટમેન્ટ) માટે દેશી તથા વિદેશી રોકાણકારોને એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (EOI) માટે આમંત્રિત કર્યા છે.

- કેન્દ્ર સરકારે BEML લિમિટેડની ઈક્વિટીનો 26% શેર વિનિવેશ કરવાનો નિર્ણય કર્યો છે.
- BEML લિમિટેડમાં સરકારની ભાગીદારી વર્તમાનમાં 54.03% છે.

### BEML લિમિટેડ

BEML લિમિટેડ એ અગાઉ 'ભારત અર્થ મૂવર્સ લિમિટેડ' તરીકે જાણીતી પબ્લિક સેકટર અંડરટેકિંગ (PSU) કંપની હતી.

- તેનું મુખ્યમથક કર્ણાટકના બેંગાલુરુ ખાતે આવેલું છે.
- તે કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય અંતર્ગત કાર્યરત છે.
- તે ભારતનું સૌથી મોટું રેલ કોચ નિર્માતા છે. તેમજ તે ભારે સાધનો જેવાં કે અર્થ મૂવીંગ, ટ્રાન્સપોર્ટ અને માઈનીંગના સાધનોનું ઉત્પાદન કરે છે.

## વ્યૂહાત્મક વિનિવેશ (Strategic Disinvestment)

વ્યૂહાત્મક વિનિવેશ એટલે જાહેર ક્ષેત્રના સાહસોમાં 50%થી વધારે સરકારી હિસ્સા (શેયર)નું વેચાણ.

- વ્યૂહાત્મક વિનિવેશના ભાગરૂપે, કંપની અને તેના વ્યવસ્થાપનના નિયંત્રણનો એક ભાગ સરકારમાંથી ખાનગી હિસ્સેદારોને આપવામાં આવે છે.
- વ્યૂહાત્મક વિનિવેશથી ખાનગીક્ષેત્રની હિસ્સેદારી વધે છે જે જાહેરક્ષેત્રના સાહસોને વધુ કાર્યક્ષમ અને નફાકારક બનાવે છે.
- વ્યૂહાત્મક વિનિવેશમાં સરકાર જાહેર ક્ષેત્રના લગભગ 74% જેટલા ભાગનું વેચાણ કરે છે.

# ગ્રામીણ સ્વચ્છતા માટે ICARની 'મારું ગામ, મારું ગૌરવ' પહેલ

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR)એ 16 ડિસેમ્બરથી 31 ડિસેમ્બર, 2020 સુધી 'સ્વચ્છતા પખવાડિયા'ની ઉજવણી કરી.

- 'મારું ગામ, મારું ગૌરવ' પહેલ અંતર્ગત ICAR ગામડાઓમાં કચરા વ્યવસ્થાપન બાબતે મદદ કરશે. તે કચરામાંથી ખાતર બનાવવા માટે પણ ખેડૂતોને મદદ કરશે.

## મારું ગામ, મારું ગૌરવ પહેલ

'મારું ગામ, મારું ગૌરવ' પહેલ વર્ષ 2015માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા બિહારના પટના ખાતેથી લોન્ચ કરવામાં આવી હતી.

- વૈજ્ઞાનિકો સાથે ખેડૂતોના સીધા સંપર્ક માટે આ યોજના લોન્ચ કરવામાં આવી હતી.
- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગામડાઓને દત્તક લઈને ખેડૂતોને માહિતી પ્રદાન કરવાનો છે.

## ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR)

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ (ICAR)એ એક સ્વાયત્ત સંસ્થા છે. જે ભારતમાં કૃષિ શિક્ષણ અને સંશોધનના સંકલન માટે જવાબદાર છે.

- કેન્દ્રીય કૃષિ પ્રધાન તેના અધ્યક્ષ હોય છે. તેથી વર્તમાન ICARના અધ્યક્ષ શ્રી નરેન્દ્રસિંહ તોમર છે.
- ICARનું મુખ્યમથક નવી દિલ્હી ખાતે આવેલું છે.
- તે વિશ્વના કૃષિ સંશોધન અને શિક્ષણ સંસ્થાઓનું સૌથી મોટું નેટવર્ક છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ હિન્દી દિવસ'ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
(A) 8 જાન્યુઆરી (B) 9 જાન્યુઆરી (C) 10 જાન્યુઆરી (D) 11 જાન્યુઆરી **(C)**

2. સમગ્ર વિશ્વમાં 'વિશ્વ હાસ્ય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 8 જાન્યુઆરી (B) 9 જાન્યુઆરી (C) 10 જાન્યુઆરી (D) 11 જાન્યુઆરી **(C)**

3. ભારતમાં 'હિન્દી દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 8 જાન્યુઆરી (B) 9 જાન્યુઆરી (C) 10 જાન્યુઆરી (D) 14 સપ્ટેમ્બર **(D)**

4. ભારતમાં પ્રથમ 'વિશ્વ હિન્દી સંમેલન'નું આયોજન કયાં થયું હતું ?
(A) નવી દિલ્હી (B) મુંબઈ (C) પૂણે (D) નાગપુર **(D)**

5. હિન્દીને 'જનમાનસ'ની ભાષા કોણે ગણાવી હતી ?
(A) શ્રી મહાત્મા ગાંધીજી (B) શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ
(C) શ્રી જવાહરલાલ નહેરૂ (D) શ્રી રાજેન્દ્ર પ્રસાદ **(A)**

6. તાજેતરમાં ગુજરાતના કયા પૂર્વ મુખ્યમંત્રીનું નિધન થયું હતું ?
(A) શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ (B) શ્રી માધવસિંહ સોલંકી
(C) શ્રી ઘનશ્યામભાઈ ઓઝા (D) શ્રી ચિમનભાઈ પટેલ **(B)**

7. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીનું તાજેતરમાં કયા સ્થળે નિધન થયું હતું ?
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડોદરા (D) આણંદ **(B)**

8. શ્રી માધવસિંહ સોલંકીનો જન્મ ગુજરાતના કયા જિલ્લામાં થયો હતો ?
(A) આણંદ (B) ખેડા (C) મહેસાણા (D) સાબરકાંઠા **(C)**

9. શ્રી માધવસિંહ સોલંકી વિશે નીચેના પૈકી સાચાં વિધાન/વિધાનો જણાવો ?
1. માધવસિંહ સોલંકી ગુજરાતના ચાર વખત મુખ્યમંત્રી બન્યા છે.
2. તેઓએ 'કુટુંબપોથી' દાખલ કરી હતી.
3. મધ્યાહન ભોજન યોજના ગુજરાતમાં તેમના કાર્યકાળ દરમિયાન શરૂ થઈ હતી.
4. વડોદરામાં GNFCની સ્થાપના તેમના કાર્યકાળ દરમિયાન થઈ હતી.
(A) 1, 2, 3, 4 (B) 1, 2, 4 (C) 1, 2, 3 (D) 1, 3, 4 **(C)**

10. તાજેતરમાં ગુજરાતમાં કઈ સંસ્થામાં વ્યૂહાત્મક વિનિવેશ માટે સરકારે દેશી અને વિદેશી રોકાણકારો પાસેથી એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટને આમંત્રણ આપ્યું હતું ?
(A) BEL (B) BEML (C) HAL (D) NALCO **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


11. કેન્દ્ર સરકારે તાજેતરમાં ભારત અર્થમૂવર્સ લિમિટેડની ઈકિવટીના કેટલા ટકા વિનિવેશ કરવાનો નિર્ણય કર્યો છે ?
(A) 50% (B) 36% (C) 46% (D) 26% **(D)**

12. ભારત અર્થમૂવર્સ લિમિટેડ (BEML)નું મુખ્યમથક ભારતમાં કયાં આવેલું છે ?
(A) કોલકાતા (B) નવી દિલ્હી (C) બેંગાલુરૂ (D) જમશેદપુર **(C)**

13. 'મારું ગામ, મારું ગૌરવ' પહેલ કઈ સંસ્થા દ્વારા શરૂ કરવામાં આવી હતી ?
(A) CSIR (B) ICAR (C) NEFT (D) IASR **(B)**

14. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રિસર્ચ (ICAR)ના અધ્યક્ષ કોણ હોય છે ?
(A) કેન્દ્રીય કૃષિ પ્રધાન (B) કેન્દ્રીય કૃષિ સચિવ
(C) વડાપ્રધાન નિમણૂક કરે તે (D) કેન્દ્રીય કેબિનેટ નિમણૂક કરે તે **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# બર્ડફ્લૂના કારણે ભારતમાં અનેક પક્ષીઓના મોત

તાજેતરમાં ભારતના ઘણાં રાજ્યોમાં બર્ડફ્લૂને કારણે અનેક પક્ષીઓના મોત થયા છે.

## બર્ડફ્લૂ એટલે શું ?

બર્ડફ્લૂ જેને 'એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા' પણ કહેવામાં આવે છે, તે એક વાયરલ ચેપ છે. જે ફક્ત પક્ષીઓને જ નહીં, પણ માણસો અને અન્ય પ્રાણીઓને તેનો ચેપ લાગે છે.

- **H5N1 બર્ડફ્લૂનું** સૌથી સામાન્ય સ્વરૂપ છે. તે પક્ષીઓ માટે જીવલેણ છે અને વાહકના સંપર્કમાં આવતા માણસો અને અન્ય પ્રાણીઓને સરળતાથી અસર કરી શકે છે.
- **વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)** અનુસાર **H5N1 સૌપ્રથમ 1997**માં મનુષ્યમાં શોધી કાઢવામાં આવ્યો હતો. આ કેસ **સૌપ્રથમ હોંગકોંગ**માં મળી આવ્યો હતો.

## બર્ડફ્લૂના લક્ષણો શું છે ?



બર્ડફ્લૂના લક્ષણો નીચે મુજબ છે :

- ઉધરસ
- ઝાડા
- શ્વસન મુશ્કેલી
- તાવ
- માથાનો દુ:ખાવો
- સ્નાયુનો દુ:ખાવો
- વહેતુ નાક
- સૂકું ગળું

## બર્ડફ્લૂ કેવી રીતે ફેલાય છે ?

ચેપગ્રસ્ત પક્ષીના મળ, તેના અનુનાસિક સ્ત્રાવ, અથવા મોં અથવા આંખોના સ્ત્રાવના સંપર્ક દ્વારા તે માનવોમાં ફેલાય છે.

- ચેપગ્રસ્ત મરઘા, ચિકન કે ઈંડાને યોગ્ય રીતે સેવન ન કરવામાં આવે તો પણ બર્ડફ્લૂ ફેલાઈ શકે છે.

**ICE FACT :**

- વર્ષ 2019માં ભારતને એવિયન ઈન્ફ્લ્યુએન્ઝા (H5N1) વાયરસ ચેપથી મુક્ત જાહેર કરાયું હતું.

# ગુજરાતમાં તૈયાર થયેલી K-9 વજ્ર ટેન્કને મુખ્યમંત્રીશ્રીએ લીલીઝંડી આપી




'મેક ઈન ઈન્ડિયા'ના વિઝન હેઠળ એલ એન્ડ ટી કંપનીના હજીરા પ્લાન્ટમાં 91મી K-9 વજ્ર ટેન્ક તૈયાર કરાઈ છે. આ ટેન્કને મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું છે.

- તેમણે વજ્ર ટેન્કની આરતી ઉતારી પરંપરાગત પૂજન–અર્ચન કરીને ટેન્ક પર સવાર થઈ અભિવાદન ઝીલ્યું હતું.
- ભારતના સંરક્ષણ મંત્રાલય દ્વારા L & T ને 100 K-9 વજ્ર ટેન્કનો ઓર્ડર આપવામાં આવ્યો છે.

## K9 વજ્ર ટેન્કના નિર્માણ માટે L & T સાથેની ડીલ

ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા રૂ. 4500 કરોડના ખર્ચે 100 K-9 વજ્ર ટેન્કના નિર્માણ માટેનો કોન્ટ્રાકટ L&Tને આપવામાં આવ્યો છે.

- 'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટ અંતર્ગત ભારતની પ્રાઈવેટ સેકટરની કંપનીને અપાયેલો આ સૌથી મોટો પ્રથમ ડિફેન્સ કોન્ટ્રાકટ હોવાનું કહેવાય છે.
- આ ડીલ અનુસાર દક્ષિણ કોરિયાની 'K9 Thunder' નામની ટેન્કની તર્જ પર ભારતની પ્રાઈવેટ સેકટરની કંપની L&T દ્વારા ભારતમાં જ 100 K-9 વજ્ર ટેન્કનું નિર્માણ કરવામાં આવશે.
- આ માટે દક્ષિણ કોરિયાની Hanwha Corporation નામની કંપની દ્વારા K-9 વજ્ર ટેન્કના નિર્માણ માટેની ટેકનોલોજી L&Tને હસ્તાંતરિત કરવામાં આવી છે.

## K-9 વજ્ર હોવિત્ઝર ટેન્કની વિશેષતા

K-9 વજ્ર હોવિત્ઝર ટેન્કની મુખ્ય વિશેષતાઓ આ પ્રમાણે છે :

(1) K-9 વજ્ર ટેન્કએ સ્વદેશી બનાવટની ઓટોમેટિક હોવિત્ઝર ટેન્ક છે. 'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટ હેઠળ L&T દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે. ભારતની ખાનગી કંપની દ્વારા તૈયાર થયેલી આ ભારતની પ્રથમ ટેન્ક છે.

(2) 50 ટન વજન ધરાવતી આ ટેન્ક પ્રતિકલાક 65થી 70 કિ.મી.ની ઝડપથી દોડી શકે છે. તથા કોઈપણ ઝડપે શૂન્ય રેડિયસમાં (એટલે કે વધારાની જગ્યા વિના) 360 ડિગ્રી ટર્ન લઈ શકે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) તે 1 મિનિટમાં **47 કિલોગ્રામના** એક એવા આશરે 6 સેલ ફાયર કરી શકે છે. માત્ર ત્રણ મિનિટમાં આશરે 16થી 18 સેલ ફાયર કરવાની તેની ક્ષમતા છે. આ ઉપરાંત આ રીતે ફાયર થયેલા ગોળાને તેના મૂળ લક્ષ્યથી 10 મીટર સુધી વાળી શકાય તેવી ટેકનોલોજી પણ તેમાં છે.

(4) આ ઓટોમેટિક ટેન્ક આશરે **43 કિલોમીટર** સુધીનું લક્ષ્ય સચોટ રીતે ભેદી શકે છે.

(5) આ ટેન્કને સામાન્ય જમીન ઉપરાંત રણપ્રદેશ અને દુર્ગમ પર્વતીય વિસ્તારમાં પણ ઓપરેટ કરી શકાશે. આ ઉપરાંત શિપમાં ગોઠવીને પાણીમાં પણ તેનો ઉપયોગ કરી શકાશે.

## ઈસરો 100 અટલ ટિન્કરીંગ લેબ્સ દત્તક લેશે

- ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO)એ તાજેતરમાં જાહેરાત કરી હતી કે તે દેશભરમાં 100 અટલ ટિન્કરીંગ લેબ્સને અપનાવવાની છે.
- સો અટલ ટિન્કરીંગ લેબ્સને અપનાવીને ઈસરો અત્યાધુનિક તકનીકો બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને કોચિંગ સુવિધા પૂરી પાડશે. તેમાં અંતરિક્ષ સંબંધિત ટેકનોલોજીનો સમાવેશ પણ થાય છે.
- ઈસરો વિદ્યાર્થીઓમાં રહેલા વૈજ્ઞાનિક સ્વભાવને પ્રોત્સાહન આપશે અને અવકાશ સંબંધિત ટેકનોલોજીઓ માટે પ્રોત્સાહિત કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વર્તમાનમાં ભારતમાં અટલ ટિન્કરીંગ લેબ્સ

ભારતમાં હાલમાં સાત હજારથી વધુ અટલ ટિન્કરીંગ લેબ્સ કાર્યરત છે. તેનો લાભ અત્યાર સુધીમાં 3 મિલિયન કરતાં વધારે વિદ્યાર્થીઓ મેળવી ચૂકયા છે.

### અટલ ટિન્કરીંગ લેબ્સ વિશે

ભારતમાં **એક મિલિયન બાળકોને આધુનિક સંશોધક** બનાવવાના ઉદ્દેશ સાથે કેન્દ્ર સરકારના **નીતિ આયોગ** દ્વારા ભારત સરકારની વિવિધ શાળાઓમાં અટલ ટિન્કરીંગ લેબોરેટરીઝની સ્થાપના કરવામાં આવી રહી છે.

- કેન્દ્ર સરકારના **'અટલ ઈનોવેશન મિશન'** પ્રોગ્રામ હેઠળ અટલ ટિન્કરીંગ લેબોરેટરીઝની સ્થાપના કરવામાં આવી રહી છે.
- આ યોજનાનો ઉદ્દેશ યુવા દિમાગમાં કુતૂહલ, સર્જનાત્મકતા અને કલ્પના શકિતને પ્રોત્સાહન આપવાનો છે. અટલ ટિન્કરીંગ લેબોરેટરીઝ એક કામ કરવાની જગ્યા છે જયાં યુવા વિચારકો પોતાના વિચારોને આકાર આપી શકે છે.

## અટલ ટિન્કરીંગ લેબોરેટરીઝને નાણાકીય સહાય

અટલ ઈનોવેશન મિશન અંતર્ગત દરેક અટલ ટિન્કરીંગ લેબ્સને તેની સ્થાપના માટે **રૂ. 10 લાખ** આપવામાં આવશે. તેમજ **5 વર્ષના મહત્તમ** સમયગાળા માટે ઓપરેશનલ **ખર્ચ રૂ. 10 લાખ** સુધી આપવામાં આવશે.

## અટલ ઈનોવેશન મિશન વિશે

દેશમાં ઉદ્યમવૃત્તિ અને નવીનતાને પ્રોત્સાહન આપવા માટે 'અટલ ઈનોવેશન મિશન'ની શરૂઆત કરવામાં આવી હતી. અટલ ઈનોવેશન મિશન એ **નીતિ આયોગનો ફ્લેગશિપ** પ્રોગ્રામ છે.

- **અટલ ઈનોવેશન મિશન અંતર્ગત નીચેની મુખ્ય પહેલો** શરૂ કરવામાં આવી છે :
  (1) અટલ ટિન્કરીંગ લેબ્સ
  (2) અટલ ઈન્ક્યુબેશન સેન્ટર્સ
  (3) અટલ ન્યુ ઈન્ડિયા ચેલેન્જિસ
  (4) મેન્ટર ઈન્ડિયા કેમ્પેઈન
  (5) અટલ કમ્યુનિટી ઈનોવેશન સેન્ટર
  (6) અટલ રિસર્ચ એન્ડ ઈનોવેશન ફોર સ્મોલ એન્ટરપ્રાઈઝ (ARISE)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# કેન્દ્રીય મંત્રી શ્રી નીતિન ગડકરી 'ખાદી પ્રાકૃતિક પેઇન્ટ' લોન્ચ કરશે

કેન્દ્રીય **માર્ગ, પરિવહન અને હાઈવેઝ** તેમજ **માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝીસ** મંત્રી **શ્રી નીતિન ગડકરી** દ્વારા **'ખાદી પ્રાકૃતિક પેઇન્ટ'** લોન્ચ કરવામાં આવશે.

## ખાદી પ્રાકૃતિક પેઈન્ટ વિશે

ખાદી પ્રાકૃતિક પેઈન્ટએ **એન્ટી-બેક્ટેરિયલ** અને **એન્ટી-ફંગલ ગુણધર્મો** છે.

- તે બિન–ઝેરી ઈકોફ્રેન્ડલી પેઈન્ટ છે.
- તેને **ખાદી એન્ડ વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન (KVIC)** દ્વારા વિકસાવવામાં આવી છે.
- ખાદી પ્રાકૃતિક પેઈન્ટના **મુખ્ય ઘટક** તરીકે **ગાયના છાણ (ગોબર)નો** ઉપયોગ કરવામાં આવ્યો છે.
- તે **ગંધહીન** તથા **ખર્ચ અસરકારક** છે.

- ખાદી પ્રાકૃતિક પેઈન્ટને <u>બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ</u> દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.
- ખાદી પ્રાકૃતિક પેઈન્ટ એ **<u>તેના પ્રકારનું પ્રથમ પેઈન્ટીંગ</u>** છે.
- ખાદી પ્રાકૃતિક પેઈન્ટીંગ **<u>પ્લાસ્ટિક ઈમલ્શન પેઈન્ટ</u>** અને **<u>ડિસ્ટેમ્પર પેઈન્ટ</u>** નામના **<u>બે સ્વરૂપોમાં</u>** ઉપલબ્ધ છે.

## ખાદી પ્રાકૃતિક પેઈન્ટના મુખ્ય ફાયદાઓ

આ પેઈન્ટ **<u>પારો</u>**, **<u>સીસુ</u>**, **<u>આર્સેનિક</u>**, **<u>ક્રોમિયમ</u>**, **<u>કેડમિયમ</u>** જેવી **<u>ભારે ધાતુઓમાંથી મુક્ત</u>** છે.

- આ પેઈન્ટથી ખેડૂતોની આવક બમણી કરવામાં મદદ મળશે. કારણે કે આ પેઈન્ટીંગ બનાવવા માટે ઉપયોગમાં લેવામાં આવતી તકનીકિઓમાં રો–મટીરિયલ તરીકે ગાયના ગોબરનો ઉપયોગ થાય છે. આનાથી ગૌશાળાઓ અને ખેડૂતોને વધારાની આવક થશે.
- બીજી તરફ, ગોબરના ઉપયોગથી પર્યાવરણીય સ્વચ્છતા જાળવવામાં પણ મદદ મળશે.

## ખાદી પ્રાકૃતિક પેઈન્ટનું પરીક્ષણ

ખાદી પ્રાકૃતિક પેઈન્ટનું પરીક્ષણ નીચેની સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું:

1. નેશનલ ટેસ્ટ હાઉસ, મુંબઈ
2. નેશનલ ટેસ્ટ હાઉસ, ગાઝીયાબાદ
3. શ્રી રામ ઈન્સ્ટિટયૂટ ફોર ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ, નવી દિલ્હી

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ICE FACT :**

- **<u>સામાન્ય પેઈન્ટ</u>માં <u>ક્રોમિયમ</u> અને <u>લેડ (સીસુ)</u>નું પ્રમાણ વધુ હોય છે. જે પર્યાવરણને અસર કરતા પદાર્થો છે.**



1. 'બર્ડ ફ્લૂ' ફેલાવા માટે મુખ્યત્વે શું જવાબદાર છે ?
(A) બેક્ટેરિયા (B) પ્રજીવ (C) વાઈરસ (D) ફૂગ **(C)**

2. 'બર્ડ ફ્લૂ'નું સૌથી સામાન્ય સ્વરૂપ નીચેના પૈકી કયું છે ?
(A) H5N1 (B) H2N8 (C) H6N5 (D) H5N6 **(A)**

3. H5N1 સૌપ્રથમ મનુષ્યમાં કયા દેશમાં મળી આવ્યો હતો ?
(A) સાઉથ આફ્રિકા (B) હોંગકોંગ (C) તાઈવાન (D) જાપાન **(B)**

4. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કેટલામી K-9 વજ્ર ટેન્કને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું ?
(A) 92 (B) 51 (C) 91 (D) 90 **(C)**

5. K-9 વજ્ર ટેન્કને ગુજરાતમાં કયા સ્થળે તૈયાર કરવામાં આવી રહી છે ?
(A) દહેજ (B) હજીરા (C) અંકલેશ્વર (D) મુન્દ્રા **(B)**

6. K-9 વજ્ર ટેન્ક બાબતે નીચેના પૈકી સાચા વિધાન/વિધાનો ચકાસો ?
1. સંરક્ષણ મંત્રાલય દ્વારા 100 K-9 વજ્ર ટેન્કના નિર્માણ માટેનો કોન્ટ્રાકટ L&Tને આપવામાં આવ્યો છે.
2. દક્ષિણ કોરિયાની Hanwha Corporation નામની કંપની દ્વારા K-9 વજ્ર ટેન્કના નિર્માણ માટેની ટેકનોલોજી L&Tને હસ્તાંતરિત કરવામાં આવી છે.
3. K-9 વજ્ર ટેન્કએ સ્વદેશી બનાવટની ઓટોમેટિક હોવિત્ઝર ટેન્ક છે.
4. તે શૂન્ય રેડિયસમાં 360 ડિગ્રી ટર્ન લઈ શકે છે.
(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 **(C)**

7. તાજેતરમાં ભારતની કઈ સંસ્થાએ 100 અટલ ટિન્કરીંગ લેબ્સને દત્તક લેવાની જાહેરાત કરી હતી ?
(A) ISRO (B) DRDO (C) BARC (D) CSIR **(A)**

8. અટલ ટિન્કરીંગ લેબોરેટરીઝની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી રહી છે ?
(A) વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાલય
(B) કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ
(C) નીતિ આયોગ
(D) DRDO **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

9. 'અટલ ઈનોવેશન મિશન અંતર્ગત શરૂ કરવામાં આવેલ વિવિધ પહેલો પૈકી નીચેનામાંથી કઈ ખોટી છે ?

(A) અટલ ટિન્કરીંગ લેબ્સ
(B) અટલ ઈન્ક્યુબેશન સેન્ટર્સ
(C) મેન્ટર ઈન્ડિયા કેમ્પેઈન
(D) અટલ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ સેન્ટર્સ

(D)

10. ખાદી પ્રાકૃતિક પેઈન્ટનું લોન્ચિંગ કોના દ્વારા કરવામાં આવનાર છે ?

(A) શ્રી પિયૂષ ગોયલ
(B) શ્રી નીતિન ગડકરી
(C) શ્રી નીતિનભાઈ પટેલ
(D) શ્રી નરેન્દ્રસિંહ તોમર

(B)

11. ખાદી પ્રાકૃતિક પેઈન્ટ વિશે સાચાં વિધાન/વિધાનોની ચકાસણી કરો.

1. ખાદી પ્રાકૃતિક પેઈન્ટ એ એન્ટી–બેક્ટેરિયલ અને એન્ટી–ફંગલ ગુણધર્મો ધરાવે છે.
2. તે ખાદી એન્ડ વિલેજ ઈન્ડસ્ટ્રીઝ કમિશન (KVIC) દ્વારા વિકસાવવામાં આવ્યું છે.
3. આ પેઈન્ટમાં મુખ્ય ઘટક તરીકે ગાયના છાણનો ઉપયોગ થાય છે.
4. આ પેઈન્ટને બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

(A) 1, 2, 4
(B) 1, 2, 3, 4
(C) 2, 3, 4
(D) 1, 2, 3

(B)


12. સામાન્ય પેઈન્ટીંગમાં મુખ્યત્વે કયા પદાર્થોનો વધુ ઉપયોગ થાય છે ?

(A) ક્રોમિયમ, લેડ
(B) ક્રોમિયમ, નિકલ
(C) નિકલ અને આર્સેનિક
(D) આર્સેનિક અને જસત

(A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 12 જાન્યુઆરી, રાષ્ટ્રીય યુવા દિન




ભારતમાં **સ્વામી વિવેકાનંદ**નો જન્મદિન **12 જાન્યુઆરી 'રાષ્ટ્રીય યુવા દિન'** તરીકે ઉજવાય છે.

- ભારતમાં **વર્ષ 1984થી** તેની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- સ્વામી વિવેકાનંદનો જન્મ **12 જાન્યુઆરી, 1863**ના રોજ **પશ્ચિમ બંગાળ**ના **કોલકાતા** ખાતે થયો હતો.
- સ્વામી વિવેકાનંદનું તેજમય જીવન અને શાશ્વત, વાસ્તવિક દર્શન આજે પણ ભારતના યુવાનો માટે પ્રેરણાનો ખૂબ જ મોટો સ્ત્રોત છે.
- વર્ષ 2021ના રાષ્ટ્રીય યુવા દિવસની થીમ નીચે મુજબ છે : **'YUVAAH-ઉત્સાહ નયે ભારત કા'**

### ભારતમાં રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી

રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી માટે ભારતમાં **રાષ્ટ્રીય યુવા મહોત્સવ**નું આયોજન કરવામાં આવે છે.

- રાષ્ટ્રીય યુવા મહોત્સવનું આયોજન **યુવા બાબતો અને રમત મંત્રાલય** દ્વારા કરવામાં આવે છે.
- **નેશનલ યુથ પાર્લામેન્ટ** રાષ્ટ્રીય યુવા મહોત્સવના એક ભાગ તરીકે યોજવામાં આવે છે. વર્ષ 2021માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નેશનલ યુથ પાર્લામેન્ટને સંબોધન કર્યું હતું.
- પ્રથમ રાષ્ટ્રીય યુવા મહોત્સવની ઉજવણી **વર્ષ 1995**માં કરવામાં આવી હતી.

**ICE FACT :**

(1) વિશ્વના અનેક દેશોમાં અલગ–અલગ દિવસે યુવા દિનની ઉજવણી કરવામાં આવે છે.

(2) આ અંતર્ગત ભારતમાં 12 જાન્યુઆરીના રોજ 'યુવા દિન' અથવા તો 'રાષ્ટ્રીય યુવા દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

(3) **'આંતરરાષ્ટ્રીય યુવા દિવસ' 12 ઓગસ્ટ**ના રોજ ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગાંધીનગરના ગિફ્ટસિટીમાં ટૂરિઝમ એવોર્ડ-2020 મુખ્યમંત્રીશ્રીની હાજરીમાં યોજાયો

ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઇ રૂપાણી**ની ઉપસ્થિતિમાં **ગાંધીનગરના ગિફ્ટસિટી** ખાતે **ટૂરિઝમ એવોર્ડ-2020 સિઝન-4**ના વિતરણનો સમારોહ યોજાયો હતો.

- આ સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ડેઝર્ટ ટૂરિઝમ, હેરિટેજ ટૂરિઝમ, સ્પિરિચ્યુઅલ ટૂરિઝમ, એડવેન્ચર ટૂરિઝમ, મેડિકલ ટૂરિઝમ અને સ્પોર્ટ્સ ટૂરિઝમ વગેરે ક્ષેત્રે વિકાસની અસિમ સંભાવનાઓ રહેલી છે. સરકાર ટૂરિઝમ માટે રાજ્યમાં વર્લ્ડક્લાસ આંતરમાળખું ઊભું થાય તે માટે પ્રયાસરત છે.
- આ એવોર્ડ સમારોહમાં પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા, પ્રવાસન રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહિર અને ગાંધીનગર શહેરના મેયર શ્રીમતી રીટાબેન પટેલ ઉપસ્થિત રહયા હતા.
- **ટૂરિઝમ એવોર્ડ 2020**માં મુખ્યમંત્રી **શ્રી વિજયભાઇ રૂપાણી**એ વિવિધ કેટેગરીના **એવોર્ડ** અર્પણ કર્યા હતા જે નીચે મુજબ છે :

| ક્રમ | એવોર્ડ શ્રેણી | પુરસ્કાર મેળવનાર |
|---|---|---|
| 1 | બેસ્ટ સ્પિરિચ્યુઅલ ડેસ્ટિનેશન ઓફ ગુજરાત | પાલીતાણા |
| 2 | બેસ્ટ બીચ ઓફ ગુજરાત | શિવરાજપુર (દેવભૂમિ દ્વારકા) |
| 3 | બેસ્ટ પિલિગ્રીમેજ ઓફ ગુજરાત | સોમનાથ મંદિર |
| 4 | બેસ્ટ હેરિટેજ મોન્યુમેન્ટ ઓફ ગુજરાત | મોઢેરા સૂર્યમંદિર |
| 5 | લાઈફટાઈમ અચીવમેન્ટ એવોર્ડ | શ્રી પિયુષ પાંડે |
| 6 | નોબલ ઈનિશીયેટીવ ઈન પેન્ડેમીક એવોર્ડ | અક્ષર ટ્રાવેલ્સ |
| 7 | બેસ્ટ હોટેલ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ ગુજરાત | SIHM |
| 8 | હેરિટેજ પેલેસ | લક્ષ્મીવિલાસ પેલેસ |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## અરૂણાચલ પ્રદેશના ડેપો અને તમાંગ વિસ્તારમાં વેનેડિયમ મળી આવ્યું



ભારતના ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણમાં **અરૂણાચલપ્રદેશ**ના **તમાંગ અને ડેપો વિસ્તાર**માં વેનેડિયમની માત્રા મળી આવી હતી.

- તમાંગ અને ડેપો વિસ્તાર અરૂણાચલપ્રદેશના પાપુમ પારે જિલ્લામાં આવેલા છે.
- ભારતના ભૂસ્તરશાસ્ત્રીય સર્વેક્ષણે (Geological Survey of India) અરૂણાચલ પ્રદેશના ડેપો વિસ્તારમાં 6 કિલોમીટરથી વધુની લંબાઈ માટે આશરે સાત મીટર જાડા કાર્બોનેસિયસ ફાયલાઈટની શોધ કરી છે. અરૂણાચલપ્રદેશના સુલનસિરી જિલ્લામાં પણ 15.5 કિ.મી.ની લંબાઈ અને 7 મીટરની જાડાઈના વેનેડિયમનો જથ્થો પ્રાપ્ત થયો છે.

### ભારતમાં વેનેડિયમની અનામત અને વપરાશ

ઈન્ડિયન બ્યુરો ઓફ માઈન્સ અનુસાર ભારતમાં વેનેડિયમનો કુલ અંદાજિત અનામત ભંડાર 24.63 મિલિયન ટનનો છે. આમાંથી, અંદાજિત વેનેડિયમ પેન્ટોકસાઈડનો જથ્થો 64,594 ટન જેટલો છે.

- ભારત વાર્ષિક 3,360 મેટ્રિક ટન વેનેડિયમનો વપરાશ કરે છે. જે વિશ્વના કુલ વપરાશના 4% જેટલો છે.
- ભારતમાં **કર્ણાટક**, **મહારાષ્ટ્ર** અને **ઓડિશા** જેવા રાજ્યોમાં પણ વેનેડિયમ મળી આવે છે.

### વેનેડિયમ વિશે

વેનેડિયમ એ રાસાયણિક તત્ત્વ છે. જેની **સંજ્ઞા V** અને **પરમાણુ ક્રમાંક 23** છે.

- તે **કાટ પ્રતિરોધક** તત્ત્વ છે. તે સ્ટીલની તાણ શકિતમાં વધારો કરે છે. તેનો ઉપયોગ ટનલ, ઈમારતો અને પુલમાં વપરાતા સ્ટીલ બારમાં કરવામાં આવે છે.
- **સલ્ફ્યુરિક એસિડ**ના ઉત્પાદનમાં પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે.
- વિશ્વમાં ઉત્પાદિત થતા 85% વેનેડિયમનો ઉપયોગ સ્ટીલ એડિટિવ તરીકે થાય છે.
- વેનેડિયમ ડાયોકસાઈડનો ઉપયોગ ગ્લાસ કોટિંગ્સના ઉત્પાદનમાં થાય છે.

## DRDOએ Unmanned Aerial Vehicle, TAPAS માટે રિટ્રેક્ટેબલ લેન્ડિંગ ગિયર સિસ્ટમ વિકસાવી

DRDO હેઠળ કાર્યરત **કોમ્બેટ વેહિકલ્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટે** તાજતરમાં **માનવરહિત હવાઈ વાહન (UAV) TAPAS** માટે **રિટ્રેક્ટેબલ લેન્ડિંગ ગિયર સિસ્ટમ** વિકસાવી છે.

- આ લેન્ડિંગ ગિયર સિસ્ટમનો ઉપયોગ ભારતીય નૌકાદળ દ્વારા કરવામાં આવનાર છે.

### રિટ્રેક્ટેબલ લેન્ડિંગ ગિયર સિસ્ટમ વિશે

રિટ્રેક્ટેબલ લેન્ડિંગ ગિયર સિસ્ટમમાં એક **હાઈડ્રોગેસ શોક સ્ટ્રટ** હોય છે. જેને વ્હીલ અને બ્રેક સિસ્ટમની સાથે એકીકૃત કરવામાં આવે છે.

- તે વિમાનને સુરક્ષિત રાખવા માટે લેન્ડિંગ ઈમ્પેક્ટ લોડને વિતરીત કરીને ઓછો કરે છે.
- તેમાં લેન્ડિંગ ઈમ્પેક્ટ લોડને વિતરીત કરવા તેમજ ઓછો કરવા માટે હાઈડ્રોલિક પ્રવાહી સાથે નાઈટ્રોજનનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

### TAPAS Unmanned Aerial Vehicle વિશે

TAPASનું પૂરું નામ **"Tactical Airborne Plat-form for Aerial Surveillance beyond horizon'** છે.

- તે **'રૂસ્તમ-2'** તરીકે પણ ઓળખાય છે.
- TAPASની **પ્રથમ ઉડાન વર્ષ 2016**માં સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી હતી.
- Defence Research and Development Organisation (DRDO) દ્વારા TAPASને વિકસાવવામાં આવ્યું હતું.

### Unmanned Aerial Vehicles (માનવરહિત હવાઈ વાહનો) ટેક્નોલોજી વિશે

માનવરહિત હવાઈ વાહનો (UAV) એ એવા વિમાન હોય છે જેમાં સામાન્ય રીતે માનવ પાયલટ હોતા નથી.

- UAV એ એક **માનવરહિત વિમાન પ્રણાલી** છે. જેને સામાન્ય રીતે **'ડ્રોન'** તરીકે ઓળખવામાં આવે છે.
- UAV ટેક્નોલોજીમાં ભારત શરૂઆતના તબક્કે છે.
- ઈઝરાયેલ અને યુ.એસ. UAV ટેક્નોલોજીમાં અન્ય દેશો કરતાં ખૂબ આગળ છે. ભારતે UAV ટેક્નોલોજી વિકસાવવા માટે આ બંને દેશો સાથે અનેક કરારો કર્યા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- **હેરોન UAV** ભારતે **ઈઝરાયેલ** પાસેથી ખરીદ્યુ છે.

## કોમ્બેટ વિહિકલ્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ

કોમ્બેટ વિહિકલ્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ એ **DRDOની લેબોરેટરી** છે.

- તે **ચેન્નાઈના** **અવાડી** ખાતે સ્થિત છે.
- તે મુખ્ય DRDO પ્રયોગશાળા છે. જે આર્મ્ડ ફાઈટીંગ વિહિકલ્સ, ટેંકો અને ઓટોમેટિવ ઈલેક્ટ્રોનિકસના વિકાસમાં સામેલ સંસ્થા છે.

# RBI મોટા મૂલ્યના લેણ-દેણ પર નજર રાખવા માટે લીગલ એન્ટિટી આઈડેન્ટિફાયર (LEI) સિસ્ટમ લાગુ કરશે



રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા **(RBI)**એ રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ **(RTGS)** અને નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ્સ ટ્રાન્સફર **(NEFT)**ના માધ્યમથી **50 કરોડ કે તેનાથી વધારે મૂલ્યના લેણ-દેણ** માટે લીગલ એન્ટિટી આઈડેન્ટિફાયર **(LEI)** સિસ્ટમ લાગુ કરવાની જાહેરાત કરી છે.

- લીગલ એન્ટિટી આઈડેન્ટિફાયર (LEI) સિસ્ટમ **1 એપ્રિલ 2021**થી લાગુ કરવામાં આવશે.
- RBIએ નાણાકીય પ્રણાલીમાં ચોકસાઈ અને ગુણવત્તામાં સુધારો કરવા માટે આ પ્રણાલી અપનાવી છે.
- આ પ્રણાલી અંતર્ગત, બેંકોએ ચુકવણી સંદેશાઓમાં નાણા મોકલનાર તથા લાભાર્થી બંનેની જાણકારી મોકલવી જરૂરી બનશે.
- મોટી લેણ–દેણ પર નજર રાખવા તેનાથી બેંકોને મદદ મળશે.

## લીગલ એન્ટિટી આઈડેન્ટિફાયર (LEI)

LEI એ **20 અંકોનો યુનિક નંબર** છે.

- તેનો મુખ્ય ઉદ્દેશ નાણાકીય લેણ–દેણમાં સમાવિષ્ટ કાયદેસર એકમને ઓળખવાનો છે.
- **લીગલ એન્ટિટી આઈડેન્ટિફાયર ઈન્ડિયા લિમિટેડ (LEIL)** દ્વારા ભારતમાં લીગલ એન્ટિટી આઈડેન્ટિફાયર જારી કરવામાં આવે છે.

## TUESDAY Questions

1. 'આંતરરાષ્ટ્રીય યુવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 12 જાન્યુઆરી (B) 12 ઓગસ્ટ (C) 12 સપ્ટેમ્બર (D) 12 ઓક્ટોબર **(B)**

2. ભારતમાં 'રાષ્ટ્રીય યુવા દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 12 જાન્યુઆરી (B) 12 ઓગસ્ટ (C) 12 સપ્ટેમ્બર (D) 12 ઓક્ટોબર **(A)**

3. વર્ષ 2021ના રાષ્ટ્રીય યુવા દિવસની થીમ જણાવો ?
   (A) YUVAAH-વિકાસ નયે ભારત કા (B) YUVAAH-ઉત્સાહ નયે ભારત કા
   (C) યુવા ભારત : ઉત્સાહ નયે ભારત કા (D) યુવા ભારત : વિકાસ નયે ભારત કા **(B)**

4. ગુજરાતના ટૂરિઝમ એવોર્ડ–2020નો વિતરણ સમારોહ તાજેતરમાં કયા યોજાયો હતો ?
   (A) ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે (B) અમદાવાદના ગાંધી આશ્રમ ખાતે
   (C) અમદાવાદની ગુજરાત યુનિવર્સિટી ખાતે (D) ગાંધીનગરની ગિફટસિટી ખાતે **(D)**

5. ગુજરાતના ટૂરિઝમ એવોર્ડ 2020 વિશે સાચાં વિધાન/વિધાનો જણાવો ?
   1. ટૂરિઝમ એવોર્ડ 2020માં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિવિધ કેટેગરીના એવોર્ડ અર્પણ કર્યા હતા.
   2. બેસ્ટ સ્પિરિચ્યુઅલ ડેસ્ટિનેશન ઓફ ગુજરાતનો એવોર્ડ પાલીતાણાને આપવામાં આવ્યો છે.
   3. બેસ્ટ બીચ ઓફ ગુજરાતનો એવોર્ડ શિવરાજપુરને આપવામાં આવ્યો છે.
   4. બેસ્ટ હેરિટેજ મોન્યુમેન્ટ ઓફ ગુજરાતનો એવોર્ડ મોઢેરા સૂર્યમંદિરને આપવામાં આવ્યો છે.

   (A) 1, 2, 4 (B) 1, 3, 4 (C) 1, 2, 3 (D) 1, 2, 3, 4 **(D)**

6. તાજેતરમાં અરૂણાચલપ્રદેશના ડેપો અને તમાંગ વિસ્તારમાં કયું રાસાયણિક તત્ત્વ મળી આવ્યું હતું ?
   (A) આર્સેનિક (B) રેડિયમ (C) વેનેડિયમ (D) પેલેડિયમ **(C)**

7. નીચેના પૈકી ભારતના કયા રાજ્યમાં વેનેડિયમ નથી મળી આવતું ?
   (A) કર્ણાટક (B) મહારાષ્ટ્ર (C) ઓડિશા (D) રાજસ્થાન **(D)**

8. Unmanned Aerial Vehicle, TAPAS માટે રિટ્રેક્ટેબલ લેન્ડિંગ ગિયર સિસ્ટમ તાજેતરમાં કોના દ્વારા વિકસાવવામાં આવી છે ?
   (A) ISRO (B) DRDO (C) BARC (D) HAL **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

9. રિટ્રેક્ટેબલ લેન્ડિંગ ગિયર સિસ્ટમમાં લેન્ડિંગ ઈમ્પેક્ટ લોડને વિતરીત કરવા માટે હાઈડ્રોલિક પ્રવાહી સાથે કયા વાયુનો ઉપયોગ કરવામાં આવે છે ?

(A) હિલિયમ (B) હાઈડ્રોજન (C) નાઈટ્રોજન (D) લિથિયમ **(C)**

10. TAPAS UAVને અન્ય કયા નામે ઓળખવામાં આવે છે ?

(A) રૂસ્તમ-1 (B) રૂસ્તમ-2 (C) રૂસ્તમ-3 (D) રૂસ્તમ-4 **(B)**

11. હેરોન UAV ભારતે કયા દેશ પાસેથી મેળવેલ છે ?

(A) ફ્રાન્સ (B) અમેરિકા (C) જાપાન (D) ઈઝરાયેલ **(D)**

12. DRDOની લેબોરેટરી કોમ્બેટ વિહિકલ્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ ભારતમાં કયાં સ્થિત છે ?

(A) બેંગાલુરુ (B) ચેન્નાઈ (C) મુંબઈ (D) નાગપુર **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

13. 'લીગલ એન્ટિટી આઈડેન્ટિફાયર (LEI)' વિશે ખોટું વિધાન જણાવો ?

(A) RBI RTGS અને NEFTના માધ્યમથી 50 કરોડ કે તેનાથી વધારે મૂલ્યના લેણ–દેણ માટે લીગલ એન્ટિટી આઈડેન્ટિફાયર સિસ્ટમ લાગુ કરશે.

(B) લીગલ એન્ટિટી આઈડેન્ટિફાયર સિસ્ટમ 1 એપ્રિલ, 2021થી લાગુ કરવામાં આવશે.

(C) LEI એ 16 અંકોનો યુનિક નંબર છે.

(D) લીગલ એન્ટિટી આઈડેન્ટિફાયર ઈન્ડિયા લિમિટેડ (LEIL) દ્વારા ભારતમાં લીગલ એન્ટિટી આઈડેન્ટિફાયર જારી કરવામાં આવે છે. **(C)**

# સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારના ત્રણેય કૃષિ કાયદાનો અમલ સ્થગિત કર્યો અને વિવાદ ઉકેલવા સમિતિની રચના કરી

કેન્દ્ર સરકાર દ્વારા સંસદના ચોમાસુ સત્રમાં ઘડાયેલા 3 વિવાદાસ્પદ કૃષિ કાયદાઓની બંધારણીય યોગ્યતાને પડકારતી સંખ્યાબંધ અરજીઓ પર આદેશ જારી કરતા સુપ્રીમ કોર્ટે ત્રણેય કૃષિ કાયદાનો અમલ સ્થગિત કરી દીધો હશે હતો.

- **ભારતના ચીફ જસ્ટિસ એસ. એ. બોબડે**, **જસ્ટિસ એ. એસ. બોપન્ના** અને **જસ્ટિસ વી. રામાસુબ્રમણિયન**ની બેન્ચે સરકાર અને ખેડૂતો વચ્ચે ચાલી રહેલા ગજગ્રાહને દૂર કરવા **એક સમિતિની રચના** કરી હતી.
- આ સમિતિ ફકત સુપ્રીમ કોર્ટ સમક્ષ પોતાનો રિપોર્ટ રજૂ કરશે.
- આ સમિતિએ **આગામી બે મહિના**માં તેનો રીપોર્ટ અદાલતને સોંપી દેવાનો રહેશે.
- આ સમિતિની **પ્રથમ બેઠક દિલ્હીમાં** યોજવામાં આવશે.

## સુપ્રીમ કોર્ટે રચેલી સમિતિના સભ્યો

1. **શ્રી ભૂપિન્દરસિંહ માન (ખેડૂત નેતા) :**

   તેઓ ભારતીય કિસાન યુનિયનના રાષ્ટ્રીય અધ્યક્ષ અને કિસાન કોઓર્ડિનેશન સમિતિના ચેરમેન છે.

   - તેઓ ભારતીય કિસાન યુનિયનની રચનાના પાયામાં રહેલા ફાર્મર ફ્રેન્ડ એસોસિએશન (1966)ના સ્થાપક સભ્ય છે.

2. **શ્રી અનિલ ઘનવત (ખેડૂત નેતા) :**

   તેઓ મહારાષ્ટ્રમાં ખેડૂતના મોટા સંગઠન શેતકારી સંગઠનના અધ્યક્ષ છે.

3. **ડો. પ્રમોદ જોશી (કૃષિ અર્થશાસ્ત્રી) :**

   સાઉથ એશિયા ઈન્ટરનેશનલ ફૂડ પોલિસી રિસર્ચ ઈન્સ્ટિટયૂટના તેઓ ડિરેકટર છે.

   - તેઓ કૃષિ અર્થશાસ્ત્રના નિષ્ણાંત છે.

4. **શ્રી અશોક ગુલાટી (કૃષિ અર્થશાસ્ત્રી) :**

   તેઓ પીએમ ટાસ્ક ફોર્સના સભ્ય છે. અને બજાર સુધાર પેનલના અધ્યક્ષ છે.

   - MSP નક્કી કરવા સરકારને સલાહ આપતી સંસ્થા CACPના તેઓ અધ્યક્ષ રહી ચૂકયા છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુપ્રીમ કોર્ટે સ્થગિત કરેલા ત્રણ કૃષિ કાયદાઓ

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં સ્થગિત કરેલા ત્રણ કૃષિ કાયદાઓ નીચે મુજબ છે :

1. **ફાર્મર્સ (એમ્પાવરમેન્ટ એન્ડ પ્રોટેકશન) એગ્રીમેન્ટ ઓન પ્રાઈસ એશ્યોરન્સ એન્ડ ફાર્મ સર્વિસ એક્ટ**
2. **ફાર્મર્સ પ્રોડ્યુસ ટ્રેડ એન્ડ કોમર્સ (પ્રમોશન એન્ડ ફેસિલિએશન) એક્ટ**
3. **એસેન્શિયલ કોમોડિટીઝ (એમેન્ડમેન્ટ) એક્ટ**

## મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વર્ષ 2021-25 માટે નવી ટુરિઝમ પોલિસી જાહેર કરી

મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણીએ ગાંધીનગર સ્વર્ણિમ સંકુલ** ખાતે પત્રકાર પરિષદ યોજી **વર્ષ 2021થી વર્ષ 2025** સુધીના **પાંચ વર્ષ** માટે ગુજરાત રાજ્યની **નવી પ્રવાસન નીતિ જાહેર** કરી છે, જેમાં ગુજરાતને ટુરિઝમ માટે ગ્લોબલ ચોઈસ બને તે રીતે વિકસાવવા મોટા પ્રોત્સાહનો આપવાની જાહેરાત કરવામાં આવી છે.

- મુખ્યમંત્રીશ્રીએ આ નવી પ્રવાસન નીતિ 2021-25માં રાજ્યમાં પ્રવાસન વૃદ્ધિ સાથે પર્યાવરણ સમૃદ્ધિનો નવતર અભિગમ અપનાવ્યો છે.
- મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જાહેર કરેલી આ નવી પ્રવાસન નીતિ **તા. 1 જાન્યુઆરી, 2021થી તા. 31 માર્ચ, 2025** સુધી અમલમાં રહેશે.
- મુખ્યમંત્રીશ્રીએ પ્રવાસન મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા તેમજ રાજ્યમંત્રી શ્રી વાસણભાઈ આહિરની ઉપસ્થિતિમાં ગુજરાત પ્રવાસન નીતિ–2021-25ની મહત્ત્વપૂર્ણ જાહેરાત ગાંધીનગરમાં કરી હતી.
- આ નવી પ્રવાસન નીતિમાં રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રે નવા રોકાણો અને સ્થાનિક સમુદાયો માટે રોજગાર અવસર ઊભા કરવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું છે.
- ગુજરાતમાં આવેલ વિવિધ પ્રવાસન સમૃદ્ધિના કારણે છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગુજરાત આવતા પ્રવાસીઓની સંખ્યામાં જબરદસ્ત વધારો થયો છે.
- છેલ્લાં 9 વર્ષોમાં (2009-2018) ગુજરાતમાં પ્રવાસીઓની સંખ્યા 15% CAGRના દરે વધી છે, જે ભારતના કુલ પ્રવાસીઓની સંખ્યાના 12%ના વૃદ્ધિદરે પહોંચી ગઈ છે.
- ગુજરાતની પ્રાકૃતિક, સાંસ્કૃતિક અને ભૌગોલિક સમૃદ્ધિને ધ્યાનમાં રાખીને આ પોલિસીમાં વિવિધ પ્રકારના ટુરિઝમ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. જે નીચે દર્શાવવામાં આવેલ છે :

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- <u>કેરેવાન ટુરિઝમ</u>
- <u>મેડિકલ ટુરિઝમ</u>
- <u>વેલનેસ ટુરિઝમ</u>
- <u>MICE ટુરિઝમ</u>
- <u>એડવેન્ચર એન્ડ વાઈલ્ડલાઈફ ટુરિઝમ</u>
- <u>કોસ્ટલ એન્ડ ક્રુઝ ટુરિઝમ</u>
- <u>રિલિજિયસ/સ્પિરિચ્યુઅલ ટુરિઝમ</u>
- <u>રુરલ બેઝ્ડ એક્સપિરિયન્સ ટુરિઝમ (ગ્રામ્ય વિસ્તારનું પ્રવાસન)</u>

- આ ટુરિઝમ પોલિસી અંતર્ગત ઈન્ટરનેશનલ એરપોર્ટ્સ પર એક ડેડિકેટેડ ગુજરાત ટુરિઝમ ડેસ્ક બનાવવામાં આવશે. અને પ્રવાસીઓને ગુજરાત ટુરિઝમ કાર્ડ્સ અથવા ઈ–વાઉચર્સ આપવામાં આવશે.
- આ નવી પોલિસી અંતર્ગત સ્થાનિક રોજગારીની તકોમાં વધારો કરવાના હેતુથી રાજ્ય સરકાર હોટેલો, રિસોર્ટ્સ અને ટુર ઓપરેટરોને <u>ટુરિસ્ટ ગાઈડ્સને નિયુક્ત</u> કરવામાં સહયોગ કરશે. આ માટે હોટેલ/રિસોર્ટ્સને ટુરિસ્ટ ગાઈડ્સને નિયુક્ત કરવા માટે દર મહિને વ્યકિતદીઠ મહત્તમ <u>રૂ. 4,000ની નાણાકીય સહાયતા 6 મહિના</u> સુધી <u>રાજ્ય સરકાર</u> દ્વારા આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મુખ્યમંત્રીશ્રીએ જાહેર કરેલી નવી પ્રવાસન નીતિના મુખ્ય પ્રોત્સાહનો અને વિશેષતાઓ

મુખ્યમંત્રીશ્રીએ કરેલી વિવિધ જાહેરાતો તથા પ્રોત્સાહનો નીચે મુજબ છે :

## સસ્ટેનેબલ ટુરિઝમને પ્રોત્સાહન આપવા અને પ્રદૂષણરહિત પ્રવાસન સ્થળ નિર્માણ કરવા

<u>15% કેપિટલ સબસિડી (મહત્તમ રૂ. 2 લાખ)</u> આપીને ઈ–વાહનોના ઉપયોગને પ્રોત્સાહન અપાશે.

- ઈ–વાહનો માટે પબ્લિક ચાર્જિંગ સ્ટેશન્સ વિકસિત કરવા 25% કેપિટલ સબસિડી અપાશે.
- વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત સસ્ટેનેબિલિટી સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે.

## ‘વોકલ ફોર લોકલ’ને પ્રોત્સાહન આપીને વિદેશીઓની સંખ્યા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરાશે

વિદેશી પ્રવાસીઓની સંખ્યામાં વધારો કરવા માટે, ઈ–વાઉચર્સ અથવા ગુજરાત ટુરિઝમ કાર્ડ દ્વારા ‘ગરવી ગુજરાત’માંથી ખરીદી કરવા પર મહત્તમ રૂપિયા 20,000 સુધી ડિસ્કાઉન્ટ ઓફર કરવામાં આવશે અને આ ઉપરાંત CoT (કમિશનર ઓફ ટુરિઝમ) હેઠળ રજિસ્ટર થયેલી હોટલોમાં રોકાણ કરવા પર પણ ડિસકાઉન્ટ આપવામાં આવશે.

## વિશિષ્ટ પ્રવાસન પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન અપાશે

15% કેપિટલ સબસિડી (મહત્તમ રૂ. 10 લાખ) દ્વારા કેરેવાન ટુરિઝમને પ્રમોટ કરીને પ્રવાસનના વિશિષ્ટ સેગમેન્ટમાં સાહસ માટે પ્રેરિત કરાશે.

- 15% કેપિટલ સબસિડી (મહત્તમ રૂ. 25 લાખ) દ્વારા ગુજરાતના વિશાળ જળસ્ત્રોતોનો લાભ મેળવવા માટે રિવર ક્રુઝ ટુરિઝમને પ્રોત્સાહન અપાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સ્થાનિક સમુદાયો માટે રોજગારીની તકો વધારવા

6 મહિનાના સમયગાળા માટે દર મહિને ગાઈડદીઠ રૂ. 4,000 સુધીની નાણાકીય સહાયતા પ્રદાન કરીને ટુરિસ્ટ ગાઈડ્સ માટે રોજગારીની તકોનું સર્જન કરાશે.

## પ્રવાસન ક્ષેત્રને વેગ આપવા ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિનો લાભ લેવા

પ્રત્યેક કાર્યક્રમ માટે વાર્ષિક રૂ. 5 લાખ સુધીની નાણાકીય સહાયતાથી ગ્રામ્ય પ્રવાસન મેળાઓ આયોજીત કરીને ગુજરાતની દેશી સંસ્કૃતિ, નૃત્ય, હેન્ડલૂમ્સ, હસ્તકળા વગેરેને પ્રવાસીઓ સમક્ષ પ્રદર્શિત કરવામાં આવશે.

## હાઈ પ્રાયોરિટી ટુરિઝમ સેન્ટર્સને પ્રાથમિકતા

20% કેપિટલ સબસિડી સાથે નિર્ધારિત કરેલા હાઈપ્રાયોરિટી ટુરિઝમ સેન્ટર્સ પર વિવિધ હોટલોની સ્થાપનાને પ્રોત્સાહન આપીને સંતુલિત પ્રાદેશિક વિકાસ સુનિશ્ચિત કરવામાં આવશે.

## MICE ઈવેન્ટસ માટે પસંદગીનું સ્થળ બનાવવા

રાજ્ય સરકાર દ્વારા **15% કેપિટલ સબસિડી અને લીઝ પર જમીન આપીને કન્વેન્શન સેન્ટર્સની સ્થાપના** માટેની તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવીને **MICE સેક્ટરને ઉત્તેજન** આપવું.

- મોટી સંખ્યામાં પ્રવાસીઓને આકર્ષવા માટે અને રાજ્યમાં પ્રવાસીઓની સંખ્યા વધારવા માટે, આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય MICE ઈવેન્ટસનું આયોજન કરવું અને આ માટે અનુક્રમે રૂ. 5 લાખ સુધીની અને રૂ. 2 લાખ સુધીની નાણાકીય સહાયતાઓ પ્રદાન કરાશે.

## એડવેન્ચર ટુરિઝમને પ્રોત્સાહિત કરવા

એડવેન્ચર ટુરિઝમ ઈક્વિપમેન્ટસ માટે 15% કેપિટલ સબસિડી (મહત્તમ રૂ. 15 લાખ) પ્રદાન કરીને એડવેન્ચર ટુરિઝમને પ્રોત્સાહન આપવામાં આવશે.

**ICE FACTS :**

(1) આ પહેલા રાજ્ય સરકારે **પ્રવાસન નીતિ-2015-20** જાહેર કરી હતી.

(2) MICEનું પૂરું નામ **'Meetings, Incentives, Conferencing, Exhibitions'** છે.

## મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ દેશના પ્રથમ રોજગારલક્ષી ઓનલાઈન કોલ સેન્ટર 'રોજગાર સેતુ'નો ઈ-પ્રારંભ કરાવ્યો

ગુજરાતના મુખ્યમંત્રી **શ્રી વિજયભાઈ રૂપાણીએ સ્વામી વિવેકાનંદ જયંતિ (12 જાન્યુઆરી) 'રાષ્ટ્રીય યુવા દિવસે'** રાજ્યના રોજગારવાચ્છું યુવાઓ માટે **રોજગાર લક્ષી ઓનલાઈન કોલ સેન્ટર 'રોજગાર સેતુ'**નો પ્રારંભ કરાવ્યો હતો.

- **દેશભરમાં ગુજરાતની આ નવતર પહેલ**માં રાજ્યનો કોઈપણ યુવાન આ કોલ સેન્ટરનો એક કોલ નંબર **'63-57-390-390'** ડાયલ કરીને રાજ્યના કોઈપણ જિલ્લાની અભ્યાસલક્ષી, રોજગાર લક્ષી અને સરકારની યુવાલક્ષી સહિતની યોજનાઓની માહિતી મેળવી શકશે.
- **રાજ્યના શ્રમ રોજગાર વિભાગના રોજગાર તાલીમ નિયામક કચેરી** દ્વારા આ નવતર પહેલ સાથે મુખ્યમંત્રીશ્રીએ **ઓનલાઈન ભરતી મેળા પખવાડિયું (12 જાન્યુઆરીથી 25 જાન્યુઆરીનો) પણ પ્રારંભ** કરાવ્યો હતો.
- **શ્રમ અને રોજગાર મંત્રીશ્રી દિલીપભાઈ ઠાકોરે** જણાવ્યું હતું કે, રોજગાર સેતુ પ્રોજેકટની વિશેષતા એ છે કે, દેશમાં પ્રથમવાર રોજગાર સેતુ – કોલ સેન્ટરના માધ્યમથી જિલ્લા રોજગાર કચેરી સાથે ઉમેદવાર સીધો સંવાદ કરશે.
- આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ **'એપ્રેન્ટિસશીપ યોજના'**ની પુસ્તિકાનું વિમોચન પણ કર્યું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન દ્વારા હેન્લી પાસપોર્ટ ઈન્ડકેસ જાહેર કરાયો

ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA) દ્વારા તાજેતરમાં હેન્લી પાસપોર્ટ ઈન્ડેકસ (HPI) લોન્ચ કરવામાં આવ્યો હતો.

- ભારત વર્ષ 2021ના હેન્લી પાસપોર્ટ ઈન્ડેકસમાં તાજિકિસ્તાન સાથે સંયૂકત રીતે 85માં ક્રમે રહ્યું હતું. ભારતના પાસપોર્ટના આધારે વિશ્વના 58 જેટલા દેશોમાં વિઝામુકત ફરી શકાય છે. તેમાં વીસ જેટલા આફ્રિકાના તેમજ અગિયાર એશિયાના દેશોનો સમાવેશ થાય છે.
- હેન્લી પાસપોર્ટ ઈન્ડકેસ 2021માં પ્રથમ નંબરે જાપાન રહયું છે. જાપાનના પાસપોર્ટના આધારે 191 દેશોમાં વિઝા મુકત મુસાફરી કરી શકાય છે.
- સિંગાપોર 190ના સ્કોર સાથે બીજા ક્રમાંકે રહ્યું છે.
- જર્મની અને સાઉથ કોરિયા 189ના સ્કોર સાથે સંયુકત રીતે ત્રીજા સ્થાને રહ્યા છે.
- નેપાળે આ રેન્કિંગમાં 104મો ક્રમ મેળવ્યો છે તેમજ પાકિસ્તાન 107માં ક્રમાંકે રહયું છે.
- આ યાદીમાં સૌથી છેલ્લો ક્રમાંક 110 અફઘાનિસ્તાને મેળવ્યો છે.
- યુ.એસ. યુ.કે., સ્વિટ્ઝર્લૅન્ડ, ન્યુઝીલેન્ડ, નોર્વે જેવા દેશોએ આ યાદીમાં સંયુકત રીતે સાતમો ક્રમાંક મેળવ્યો છે.

**હેન્લી પાસપોર્ટ ઈન્ડેકસ, 2021**

| ક્રમ | દેશ/દેશો | વિઝા-ફ્રી ડેસ્ટિનેશન્સ |
|---|---|---|
| 1 | જાપાન | 191 |
| 2 | સિંગાપોર | 190 |
| 3 | જર્મની | 189 |
| | સાઉથ કોરિયા | 189 |
| 7 | યુ.એસ. | 185 |
| | યુ.કે. | 185 |
| | સ્વિટ્ઝલેન્ડ | 185 |
| | ન્યુઝીલેન્ડ | 185 |
| | નોર્વે | 185 |
| 85 | ભારત | 58 |
| | તાજિકિસ્તાન | 58 |
| 104 | નેપાળ | 38 |
| 107 | પાકિસ્તાન | 32 |
| 110 | અફઘાનીસ્તાન | 26 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## હેન્લી પાસપોર્ટ ઈન્ડેક્સ (HPI) વિશે

હેન્લી પાસપોર્ટ ઈન્ડકેસ (HPI) એ એક વૈશ્વિક દેશોમાં તેમના નાગરિકો માટે યાત્રા સ્વતંત્રતા સૂચકાંક છે.

- આ ઈન્ડેક્સ <u>વર્ષ 2006</u>માં હેન્લી & પાર્ટનર્સ વિઝા રિસ્ટ્રીકશન ઈન્ડકેસ (HVRI) તરીકે શરૂ કરવામાં આવ્યો હતો.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશન (IATA)

ઈન્ટરનેશનલ એર ટ્રાન્સપોર્ટ એસોસિએશનએ એક <u>વૈશ્વિક ટ્રેડ એસોસિએશન</u> છે જેની સ્થાપના <u>વર્ષ 1945</u>માં કરવામાં આવી હતી.

- IATAનું મુખ્યમથક <u>કેનેડા</u>ના <u>ક્યુબેક</u> ખાતે આવેલું છે.
- 120 દેશોની 290 એરલાઈન્સ IATAનું સભ્યપદ ધરાવે છે.



1. સુપ્રીમ કોર્ટની ત્રણ જજોની બેન્ચે તાજેતરમાં કેન્દ્ર સરકારના ત્રણેય કૃષિ કાયદાનો અમલ સ્થગિત કર્યો છે, આ ત્રણ જજોમાં નીચેના પૈકી કોનો સમાવેશ થતો નથી ?
(A) જસ્ટિસ એસ. એ. બોબડે (B) જસ્ટિસ એ. એસ. બોપન્ના
(C) જસ્ટિસ વી. રામા સુબ્રમણિયન (D) જસ્ટિસ વાય. વી. ચંદ્રચૂડ **(D)**

2. સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારના ત્રણેય કૃષિ કાયદાનો અમલ સ્થગિત કરી તેનો વિવાદ ઉકેલવા કેટલા સભ્યોની સમિતિની રચના કરી છે ?
(A) 2 (B) 3 (C) 4 (D) 5 **(C)**

3. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં કેન્દ્ર સરકારના ત્રણેય કૃષિ કાયદાનો અમલ સ્થગિત કરી તેનો વિવાદ ઉકેલવા 4 સભ્યોની સમિતિની રચના કરી છે, તેમાં નીચેના પૈકી કયા સભ્યનો સમાવેશ થતો નથી ?
(A) શ્રી ભૂપિન્દરસિંહ માન (B) ડૉ. પ્રમોદ જોશી
(C) શ્રી અશોક ગુલાટી (D) શ્રી અનિલ ચંપાવત **(D)**

4. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં વર્ષ 2021-25 માટે નવી ટુરિઝમ પોલિસીની જાહેરાત કયાંથી કરી હતી ?
(A) ગાંધીનગર સ્વર્ણિમ સંકુલ ખાતેથી (B) ગાંધીનગર મહાત્મા મંદિર ખાતેથી
(C) કેવડિયા કોલોની ખાતેથી (D) કચ્છના ધોરડો ખાતેથી **(A)**

5. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તાજેતરમાં જાહેર કરેલ નવી ટુરિઝમ પોલિસી અંતર્ગત સાચાં વિધાન/વિધાનો જણાવો ?
1. આ નવી પ્રવાસન નીતિ તા. 1 જાન્યુઆરી 2021થી તા. 31 માર્ચ 2025 સુધી અમલમાં રહેશે.
2. આ નવી પોલિસી અંતર્ગત રાજ્ય સરકાર ટુરિસ્ટ ગાઈડ્સની નિમણૂક કરવા દર મહિને વ્યક્તિદીઠ મહત્તમ રૂ. 4,000ની નાણાકીય સહાયતા 6 મહિના સુધી પૂરી પાડશે.
3. ઈ–વાહનોના ઉપયોગને પ્રોત્સાહન આપવા 15% કેપીટલ સબસિડીની સહાયતા
4. રિવર ક્રુઝ ટુરિઝમને પ્રોત્સાહન આપવા 15% કેપીટલ સબસિડીની જાહેરાત
(A) 1, 2, 4 (B) 1, 2, 3, 4 (C) 1, 2, 3 (D) 2, 3, 4 **(B)**

6. દેશના પ્રથમ રોજગારલક્ષી ઓનલાઈન કોલસેન્ટર 'રોજગાર સેતુ'નો પ્રારંભ તાજેતરમાં કયા રાજ્યમાં કરવામાં આવ્યો હતો ?
(A) ગુજરાત (B) રાજસ્થાન (C) મહારાષ્ટ્ર (D) ઉત્તરપ્રદેશ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

7. રોજગારલક્ષી ઓનલાઈન કોલસેન્ટર 'રોજગાર સેતુ' વિશે સાચા વિધાન/વિધાનો ચકાસો ?

1. તેનો પ્રારંભ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'રાષ્ટ્રીય યુવા દિવસે' કર્યો હતો.
2. આ કોલ સેન્ટરનો કોલ નંબર '63-57-390-390' છે.
3. રાજ્યના શ્રમ અને રોજગાર મંત્રાલયની આ નવતર પહેલ છે.
4. 'રોજગાર સેતુ' અંતર્ગત ઓનલાઈન ભરતી મેળા પખવાડિયાનું આયોજન 12 જાન્યુઆરીથી 25 જાન્યુઆરી દરમિયાન કરવામાં આવ્યું છે.

(A) 2, 3, 4 (B) 1, 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3 **(B)**

8. તાજેતરમાં જાહેર કરવામાં આવેલા હેન્લી પાસપોર્ટ ઈન્ડેકસ, 2021માં ભારત કેટલામાં ક્રમાંકે રહયું છે ?

(A) 80 (B) 82 (C) 85 (D) 86 **(C)**

9. તાજેતરમાં જાહેર કરવામાં આવેલા હેન્લી પાસપોર્ટ ઈન્ડેકસ અનુસાર ભારત સાથે સંયુકત રીતે કયો દેશ 85મા ક્રમાંકે રહયો હતો ?

(A) તુર્કિસ્તાન (B) તુર્કી (C) તાજિકિસ્તાન (D) ટ્યુનિશિયા **(C)**

10. હેન્લી પાસપોર્ટ ઈન્ડકેસ, 2021માં પ્રથમ ક્રમાંકે કયો દેશ રહયો છે ?

(A) સ્વિટ્ઝર્લેન્ડ (B) સિંગાપોર (C) અમેરિકા (D) જાપાન **(D)**

11. હેન્લી પાસપોર્ટ ઈન્ડેકસ, 2021 અનુસાર ભારતના પાસપોર્ટને આધારે કેટલા ડેસ્ટિનેશન્સમાં વિઝા ફ્રી ફરી શકાય છે ?

(A) 58 (B) 60 (C) 70 (D) 80 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 14 જાન્યુઆરી, વિશ્વ તર્ક દિવસ (World Logic Day)

<u>UNESCO</u> (United Nations Educational, Scientific and Cultural Organization) દ્વારા સૌપ્રથમ વખત 'વિશ્વ તર્ક દિવસ' ઉજવવાની શરૂઆત કરવામાં આવી હતી.

- 14 જાન્યુઆરી, 2019ના રોજ UNESCOએ ઈન્ટરનેશનલ કાઉન્સિલ ફોર ફિલોસોફી એન્ડ હ્યુમન સાયન્સિઝ (CIPSH) સાથે મળીને વિશ્વ તર્ક દિવસની ઉજવણીની શરૂઆત

## કેન્દ્ર સરકારે 83 સ્વદેશી તેજસ યુદ્ધ વિમાન ખરીદવા મંજૂરી આપી



<u>કેબિનેટની સુરક્ષા મામલાની કમિટીએ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)</u> પાસેથી રૂપિયા <u>48,000 કરોડના ખર્ચે સ્વદેશી એડવાન્સ્ડ તેજસ ફાઈટર જેટ</u> ખરીદવાના પ્રસ્તાવને મંજૂરી આપી હતી.

- વડાપ્રધાન <u>શ્રી નરેન્દ્રભાઈ મોદી</u>ની <u>અધ્યક્ષતા</u>માં મળેલી સુરક્ષા બાબતોની કેન્દ્રીય કેબિનેટ સમિતિની બેઠકમાં આ પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી હતી.
- ભારતના ઈતિહાસમાં સ્વદેશી મિલિટરી એવિયેશન સેક્ટર સાથેનો આ સૌથી મોટો સંરક્ષણ સોદો છે.
- માર્ચ 2020માં ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલે 83 વધુ તેજસ માર્ક વન એ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટની ખરીદીને મંજૂરી આપી હતી.

### તેજસ વિશે

તેજસનું નિર્માણ <u>ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)</u> તથા <u>હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL)</u> દ્વારા કરવામાં આવ્યું છે.

- તેમજ તેની ડિઝાઈન સ્વદેશીરૂપથી <u>એરક્રાફ્ટ ડેવલપમેન્ટ એજન્સી (ADA)</u> દ્વારા કરવામાં આવી છે.
- તેજસએ <u>ચોથી જનરેશનનું સિંગલ એન્જિન ધરાવતુ મલ્ટિરોલ ફાઈટર વિમાન</u> છે.
- તે પૂંછડી વિનાનું અને એક જ એન્જિનથી ચાલતુ કમ્પાઉન્ડ ડેલ્ટાવિંગ ડિઝાઈનનું વિમાન છે.
- આ લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ (LCA)નું નામ 4 મે, 2003ના રોજ તત્કાલિન સમયના વડાપ્રધાન <u>શ્રી અટલ બિહારી વાજપેયી</u>એ સત્તાવાર રીતે <u>'તેજસ'</u> રાખ્યું હતું.
- લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ તેજસની <u>રેન્જ 3,000 કિ.મી.</u> છે તેમજ તેનું <u>વજન 6,500 કિલોગ્રામ</u> છે.

## તેજસ માર્ક A1 આવૃત્તિ વિશે

તેજસની પ્રારંભિક આવૃત્તિ કરતાં આ નવા વિમાનમાં 43 સુધારા કરવામાં આવશે.

- આ નવી આવૃત્તિનું મેન્ટેનન્સ કરવાનું સરળ રહેશે.
- તેજસ માર્ક A1 એક્ટિવ ઈલેક્ટ્રોનિકલી એરે રડારથી સજ્જ કરવામાં આવશે.
- તે બિયોન્ડ વિઝ્યુઅલ રેન્જ મિસાઈલ ક્ષમતા ધરાવે છે.
- ભારતીય બનાવટના આ એર ટુ એર મિસાઈલ અસ્ટ્રા માર્કવનથી સજ્જ કરાશે.

## 41મા વિશ્વમંગલ સપ્તક સંગીત સમારોહનું સમાપન

તાજેતરમાં 1 થી 13 જાન્યુઆરી, 2021 દરમિયાન ગુજરાતના અમદાવાદ ખાતે કોવિડ-19ના કારણે ઓનલાઈન માધ્યમથી 'વિશ્વમંગલ' સપ્તક સંગીત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

- વર્ષ 2021નો 'વિશ્વમંગલ' સપ્તક સંગીત સમારોહ બનારસ ઘરાનાના વિખ્યાત તબલાવાદક પંડિત સામતાપ્રસાદની જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે તેમને અને સંગીત માર્તંડ પંડિત જસરાજજીને સમર્પિત હતો.
- સપ્તક સંગીત સમારોહએ ફક્ત ગુજરાત જ નહિ પરંતુ ભારતના સૌથી શ્રેષ્ઠ અને સૌથી વધુ પ્રતિષ્ઠિત સંગીત સમારોહમાંનો એક છે.




## સપ્તક સંગીત સમારોહનું આયોજન કોના દ્વારા થાય છે ?

સપ્તક સ્કૂલ ઓફ મ્યુઝિક દ્વારા દર વર્ષે 1 થી 13 જાન્યુઆરી દરમિયાન આ 13 દિવસીય શાસ્ત્રીય સંગીત સમારોહનું આયોજન કરવામાં આવે છે.

## સપ્તકનો પ્રારંભ ક્યારથી થયો હતો ?

પ્રસિદ્ધ તબલાવાદક પંડિત નંદન મહેતા અને અન્ય વ્યક્તિઓના સહયોગથી ઈ.સ. 1980થી તેનો પ્રારંભ થયો હતો.

# યુનાઈટેડ નેશન્સ, વર્લ્ડ બેંક અને ફ્રાંસ દ્વારા 'વન પ્લેનેટ સમિટ'નું આયોજન કરાયું

11 જાન્યુઆરી, 2021ના રોજ <u>યુનાઈટેડ નેશન્સ, વર્લ્ડ બેંક</u> અને <u>ફ્રાંસ</u> દ્વારા <u>**'વન પ્લેનેટ સમિટ'**</u>નું આયોજન કરવામાં આવ્યું છે.

- આ સમિટનો હેતુ પ્રકૃતિના સંરક્ષણને આગળ વધારવાનો છે.
- વન પ્લેનેટ સમિટએ એક આંતરરાષ્ટ્રીય સમિટ છે જે માનવ સ્વાસ્થ્યની સાથે સાથે જૈવ વિવિધતાને પ્રોત્સાહિત કરે છે. તે વિશ્વવ્યાપી પર્યાવરણીય પરિવર્તનને પ્રોત્સાહન આપે છે.
- <u>વર્ષ 2021</u>થી વન પ્લેનેટ સમિટની થીમ <u>'Lets' act together for nature'</u> છે.
- <u>પ્રથમ વન પ્લેનેટ સમિટનું</u> આયોજન ઐતિહાસિક પેરિસ કરારના બે વર્ષ બાદ <u>વર્ષ 2017</u>માં કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેણે <u>12 જેટલી આંતરરાષ્ટ્રીય કટિબદ્ધતા</u>ઓ દર્શાવી હતી. જે નીચે મુજબ છે :
  - હવામાન પરિવર્તન સામે જમીન અને પાણીની રક્ષા કરવી
  - આબોહવા માટે કાર્ય કરવા સંશોધનકારો અને યુવાનોને એકત્રીત કરવા
  - ગ્રીન ફાઈનાન્સિંગ માટે સ્થાનિક સરકાર માટે જાહેર ખરીદી અને વપરાશ
  - શૂન્ય ઉત્સર્જન લક્ષ્યો
  - ડિકાર્બોનાઈઝ્ડ અર્થતંત્ર તરફ ક્ષેત્રીય વિભાજન
  - પેરિસ કરાર સાથે સુસંગત કાર્બન મૂલ્ય તરફ કાર્ય
  - વિકાસ બેંકોની આંતરરાષ્ટ્રીય ગતિશીલતા
  - સાર્વભૌમ ભંડોળ દ્વારા પ્રતિબદ્ધતા
  - સંસ્થાકીય રોકાણકારોને પ્રોત્સાહન
  - દ્વિપ રાજ્યોમાં એક્સ્ટ્રીમ ઘટનાઓ પર પ્રતિક્રિયા
  - શૂન્ય–પ્રદૂષણ પરિવહન

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY)એ પાંચ વર્ષ પૂર્ણ કર્યા

પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY)એ 13 જાન્યુઆરી, 2021ના રોજ તેના પાંચ વર્ષ પૂર્ણ કર્યા છે.

- **13 જાન્યુઆરી, 2016**ના રોજ **કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલય** દ્વારા તે શરૂ કરવામાં આવી હતી.
- કેન્દ્ર સરકારે ખેડૂતોનું નામાંકન અને પાક નુકસાનીના આકલન માટે **PMFBY પોર્ટલ** અને **ફસલ બીમા મોબાઈલ એપ** લોન્ચ કરી છે.
- દર વર્ષે લગભગ 5.5 કરોડ ખેડૂતોને આ યોજનાનો લાભ મળે છે.

### પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY)

પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) **13 જાન્યુઆરી, 2016**ના રોજ **કેન્દ્રીય કૃષિ** અને **કિસાન કલ્યાણ મંત્રાલય** દ્વારા શરૂ કરવામાં આવી હતી.

- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ **પાક નુકસાની સામે વ્યાપક વીમા કવર પ્રદાન** કરવાનો છે.
- આ યોજના અંતર્ગત ખેડૂતોએ તમામ **ખરીફ પાકો 2%** અને તમામ **રવીપાકો માટે 1.5% પ્રીમિયમ** ચૂકવવું પડે છે.
- ખેડૂતોએ **વાણિજ્યિક** અને **બાગાયતી પાકો** માટે **5% પ્રીમિયમ** ચૂકવવુ પડે છે.
- આ યોજનાએ અગાઉની **'નેશનલ એગ્રીકલ્ચરલ ઈન્શ્યોરન્સ સ્કિમ (NAIS)'** અને **'મોડિફાયડ નેશનલ એગ્રીકલ્ચરલ ઈન્શ્યોરન્સ સ્કીમ (MNAIS)'** યોજનાઓનું સ્થાન લીધું છે.
- આ યોજના અંતર્ગત ખેડૂતોને નવીન અને આધુનિક કૃષિ પદ્ધતિઓ અપનાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.



1. 'વિશ્વ તર્ક દિવસ'ની ઉજવણી કયારે કરવામાં આવે છે ?

(A) 14 જાન્યુઆરી (B) 12 જાન્યુઆરી (C) 13 જાન્યુઆરી (D) 15 જાન્યુઆરી **(A)**

2. કેન્દ્ર સરકારે તાજેતરમાં કેટલા સ્વદેશી તેજસ યુદ્ધ વિમાન ખરીદવા મંજૂરી આપી છે ?

(A) 72 (B) 81 (C) 83 (D) 53 **(C)**

3. LCA તેજસ વિશે નીચેનામાંથી સાચાં વિધાન/વિધાનો ચકાસો ?

1. તેજસનું નિર્માણ DRDO તથા HAL દ્વારા કરવામાં આવ્યું છે.
2. તેજસએ ચોથી જનરેશનનું સિંગલ એન્જિન ધરાવતું મલ્ટિરોલ લાઈટ ફાઈટર વિમાન છે.
3. સત્તાવાર રીતે તેજસનું નામ તત્કાલિન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેઈએ રાખ્યું હતું.
4. તાજેતરમાં તેજસ માર્ક A1 નામની તેજસની નવી આવૃત્તિમાં 43 સુધારા કરવામાં આવ્યા છે.

(A) 1, 2, 3, 4 (B) 1, 2, 4 (C) 1, 2, 3 (D) 2, 3, 4 **(A)**

4. વર્ષ 2021માં કેટલામાં સપ્તક સંગીત સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું ?

(A) 40 (B) 41 (C) 42 (D) 43 **(B)**

5. વર્ષ 2021નો સપ્તક સંગીત સમારોહ વિખ્યાત તબલાવાદક પંડિત સામતાપ્રસાદ અને સંગીત માર્તંડ પંડિત જસરાજજીને સમર્પિત કરવામાં આવ્યો હતો, પંડિત સામતાપ્રસાદ કયા ઘરાના સાથે સંકળાયેલ હતા ?

(A) જયપુર (B) દિલ્હી (C) બનારસ (D) પટના **(C)**

6. 'સપ્તક સંગીત સમારોહ' વિશે ખોટું વિધાન જણાવો ?

(A) સપ્તક સ્કૂલ ઓફ મ્યુઝિક દ્વારા તેનું આયોજન કરવામાં આવે છે.

(B) તે 13 દિવસીય શાસ્ત્રીય સંગીત સમારોહ છે.

(C) તેની શરૂઆત વર્ષ 1983માં કરવામાં આવી હતી.

(D) તેનો પ્રારંભ તબલાવાદક નંદન મહેતા દ્વારા કરવામાં આવ્યો હતો. **(C)**

7. 'વન પ્લેનેટ સમિટ'નું આયોજન તાજેતરમાં કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?

(A) યુનાઈટેડ નેશન્સ (B) વર્લ્ડ બેંક

(C) ફ્રાંસ (D) ઉપરોકત ત્રણેય દ્વારા સંયુકત રીતે **(D)**

INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. વર્ષ 2021ની વન પ્લેનેટ સમિટની થીમ જણાવો ?

(A) 'Let's act together for nature'

(B) 'Lest's do something for nature'

(C) 'Let's go ahead for nature'

(D) 'Human Health on depending nature' **(A)**

9. પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY)એ તાજેતરમાં કેટલા વર્ષ પૂર્ણ કર્યા ?

(A) 4 (B) 5 (C) 6 (D) 7 **(B)**


10. પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) વિશે ખોટું વિધાન જણાવો ?

(A) PMFBY કેન્દ્રીય કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલય દ્વારા શરૂ કરવામાં આવી હતી.

(B) PMFBY અંતર્ગત ખેડૂતોએ ખરીફ પાકો માટે 2% પ્રીમિયમ ચૂકવવું પડે છે.

(C) PMFBY અંતર્ગત ખેડૂતોએ રવી પાકો માટે 1.5% પ્રીમિયમ ચૂકવવું પડે છે.

(D) PMFBY અંતર્ગત ખેડૂતોએ વાણિજિયક અને બાગાયતી પાકો માટે 4% પ્રીમિયમ ચૂકવવું પડે છે. **(D)**



## દિવસ મહિમા : 15 જાન્યુઆરી, થલ સેના દિવસ (Army Day)



દેશની સુરક્ષામાં કાર્યરત સૈનિકો તથા શહીદ જવાનોના સન્માનમાં ભારતમાં દર વર્ષે **15 જાન્યુઆરી**ના રોજ **'થલ સેના દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.

- **15 જાન્યુઆરી, 1949**ના રોજ **ફિલ્ડ માર્શલ કે. એમ. કરિયપ્પા**એ ભારતના અંતિમ બ્રિટિશ કમાન્ડર ઈન ચીફ **જનરલ સર ફ્રાન્સિસ બુચર** પાસેથી **ભારતના પ્રથમ કમાન્ડર ઈન ચીફ** તરીકેનો પદભાર સંભાળ્યો હતો.
- આથી, આ દિવસની યાદમાં ભારતમાં **15 જાન્યુઆરી**ના રોજ **'થલ સેના દિવસ'**ની ઉજવણી કરવામાં આવે છે.
- **15 જાન્યુઆરી, 2021**ના રોજ **નવી દિલ્હી** ખાતે **73મો થલ સેના દિવસ** ઉજવવામાં આવ્યો હતો.

### ભારતીય આર્મી (ભારતીય થલ સેના)

ભારતીય થલ સેનાની સ્થાપના **1 એપ્રિલ, 1895**ના રોજ કરવામાં આવી હતી.

- ભારતીય સેનાનું મુખ્યમથક **નવી દિલ્હી** ખાતે આવેલું છે.
- ભારતીય સેના દુનિયાની સૌથી મોટી સ્થાયી સેના છે.
- **ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ** તરીકે વર્તમાનમાં **શ્રી જનરલ બિપિન રાવત** છે.
- ભારતીય સેનાધ્યક્ષ તરીકે વર્તમાનમાં **શ્રી જનરલ મનોજ મુકુંદ નરવણે** છે.
- ભારતીય સેનાના **કમાન્ડર ઈન ચીફ** તરીકે **શ્રી રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ** છે.

## ભારતીય નૌસેના દ્વારા દરિયાઈ સંરક્ષણ કવાયત 'સી-વિજિલ-21'નું આયોજન કરાયું

દરિયાઈ સંરક્ષણ કવાયત **સી વિજિલ-21ની બીજી આવૃત્તિ**નું આયોજન **ભારતીય નૌસેના** દ્વારા 12 જાન્યુઆરીથી 13 જાન્યુઆરી, 2021 દરમિયાન કરવામાં આવ્યું હતું.

### સી વિજિલ કવાયત વિશે

સી વિજિલ કવાયત સમગ્ર ભારતના **7,516 કિલોમીટરના દરિયાકાંઠા**માં હાથ ધરવામાં આવે છે. તેમાં તમામ 13 દરિયાકાંઠાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો અને એક્સ્ક્લુઝીવ ઈકોનોમિક ઝોનનો સમાવેશ થાય છે.

- તેમજ આ કવાયતમાં મત્સ્યપાલન સાથે સંકળાયેલા અને દરિયાકાંઠાના સમુદાયોનો સમાવેશ કરવામાં આવે છે.
- સી વિજિલએ **દ્વિવાર્ષિક કવાયત** છે જેનું **પ્રથમ વખત આયોજન વર્ષ 2019**માં કરવામાં આવ્યું હતું.
- ભારતીય નેવી **દર બે વર્ષે થિયેટર** લેવલની એકસરસાઈઝ **'ટ્રોપેક્સ'**નું પણ આયોજન કરે છે.

## TROPEX કવાયત વિશે

ટ્રોપેક્સ એ **'ટ્રોપીકલ લેવલ રેડીનેસ એન્ડ ઓપરેશનલ એકસરસાઈઝ'** છે.

- તે એક આંતર–સેવા સૈન્ય કવાયત છે જેમાં **ભારતીય વાયુસેના, ભારતીય નૌકાદળ** અને **ભારતીય સૈન્ય**નો સમાવેશ થાય છે.
- તેનું આયોજન સામાન્ય રીતે **વર્ષની શરૂઆત**માં કરવામાં આવે છે.
- પ્રથમ વખત ટ્રોપેક્સનું આયોજન **વર્ષ 2005**માં કરવામાં આવ્યું હતું.

## કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય દ્વારા 'કાયાકલ્પ એવોર્ડ' રજૂ કરવામાં આવ્યા

**કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રી શ્રી ડો. હર્ષવર્ધને સ્વચ્છતા અને સ્વચ્છતાની ઉચ્ચત્તમ ધોરણોવાળી આરોગ્ય સુવિધાઓ**ને **'કાયાકલ્પ એવોર્ડ'** આપી સન્માનિત કરી હતી.

- તાજેતરમાં **વર્ષ 2019-20** માટે **'કાયાકલ્પ એવોર્ડ'** રજૂ કરવામાં આવ્યા હતાં.

## વર્ષ 2019-20 માટે 'કાયાકલ્પ એવોર્ડ્સ'

**જ્વાહરલાલ નેહરૂ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (JIPMER)**ને કાયાકલ્પ એવોર્ડ્સ હેઠળ બીજુ પ્રાઈઝ આપવામાં આવ્યું હતું.

- JIPMERને **કેટેગરી A હેઠળ એવોર્ડ** આપવામાં આવ્યો હતો.
- AIIMS ભુવનેશ્વરને સતત ત્રીજી વખત સ્વચ્છતા માટે કાયાકલ્પ એવોર્ડ્સની કેટેગરી B હેઠળ એવોર્ડ મળ્યો હતો.
- મયુરભંજ જિલ્લાની **રાયરંગપુર સબ ડિવિઝનલ હોસ્પિટલ**ને શ્રેષ્ઠ સબ–ડિવિઝનલ હોસ્પિટલ સમુદાય આરોગ્ય કેન્દ્ર તરીકે સન્માનિત કરવામાં આવી હતી.
- **રાણી દુર્ગાવતી હોસ્પિટીલને સતત ચોથી વાર** આ એવોર્ડ મળ્યો હતો.

## કાયાકલ્પ એવોર્ડ વિશે

કાયાકલ્પ પુરસ્કારની શરૂઆત <u>કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય</u> દ્વારા <u>15 મે, 2015</u>ના રોજ કરવામાં આવી હતી.

- કાયાકલ્પ એવોર્ડ સાર્વજનિક સ્વાસ્થ્ય સુવિધાઓમાં સ્વચ્છતાને પ્રોત્સાહિત કરવા માટે શરૂ કરવામાં આવ્યો હતો.
- આ એવોર્ડ માટે કચરા વ્યવસ્થાપન, હોસ્પિટલ ઉપચાર, સ્વચ્છતા, ચેપ નિયંત્રણ, સ્વચ્છતા પ્રોત્સાહન જેવા વગેરે પરિબળો ધ્યાનમાં લેવામાં આવે છે.
- આ પુરસ્કાર યોજના <u>'સ્વચ્છ ભારત મિશન'</u> અંતર્ગત શરૂ કરવામાં આવી હતી.

## સ્વચ્છ સ્વસ્થ સર્વત્ર (SSS) અભિયાન

<u>સ્વાસ્થ્ય મંત્રાલય</u> અને <u>પીવાનું પાણી અને સ્વચ્છતા મંત્રાલય</u> દ્વારા <u>29 ડિસેમ્બર, 2016</u>ના રોજ <u>'સ્વચ્છ સ્વસ્થ સર્વત્ર અભિયાન'</u> શરૂ કરવામાં આવ્યું હતું.

- સ્વચ્છ સ્વસ્થ સર્વત્ર અભિયાનનો મુખ્ય ઉદ્દેશ ખુલ્લામાં શૌચ કરનારા બ્લોકોમાં સામુદાયિક સ્વાસ્થ્ય કેન્દ્રોને મજબૂત કરવાનો છે. વિશેષરૂપથી કાયાકલ્પ પુરસ્કાર મેળવેલ સાર્વજનિક સ્વાસ્થ્ય કેન્દ્રો તથા હોસ્પિટલોના ક્ષેત્રોમાં આ પ્રોત્સાહન પૂરું પાડવામાં આવે છે.




1. ભારતમાં 'થલ સેના દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 15 જાન્યુઆરી (B) 16 જાન્યુઆરી (C) 17 જાન્યુઆરી (D) 12 જાન્યુઆરી

(A)

2. વર્ષ 2021માં કેટલામો 'થલ સેના દિવસ' ઉજવવામાં આવ્યો હતો ?

(A) 72 (B) 73 (C) 74 (D) 75

(B)

3. ભારતીય નૌસેના દ્વારા તાજેતરમાં કેટલામી 'સી વિજિલ-21' કવાયતનું આયોજન કરવામાં આવ્યું હતું ?

(A) ત્રીજી (B) ચોથી (C) બીજી (D) પાંચમી

(C)

4. દરિયાઈ સંરક્ષણ કવાયત 'સી વિજિલ-21' વિશે સાચાં વિધાન/વિધાનો જણાવો ?

1. સી વિજિલ-21ની આ વર્ષે બીજી આવૃત્તિનું આયોજન ભારતીય નૌસેના દ્વારા કરવામાં આવ્યું હતું.
2. તે દ્વિવાર્ષિક કવાયત છે.
3. આ કવાયત પ્રથમ વખત વર્ષ 2019માં હાથ ધરવામાં આવી હતી.

(A) 1, 2 (B) 2, 3 (C) 1, 3 (D) 1, 2, 3

(D)

5. પ્રથમ વખત 'TROPEX' કવાયતનું આયોજન કયા વર્ષમાં કરવામાં આવ્યું હતું ?

(A) વર્ષ 2005 (B) વર્ષ 2006 (C) વર્ષ 2003 (D) વર્ષ 2004

(A)

6. તાજેતરમાં કયા મંત્રાલય દ્વારા 'કાયાકલ્પ એવોર્ડ' રજૂ કરવામાં આવ્યા હતા ?

(A) આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય (B) કૃષિ અને કિસાન કલ્યાણ મંત્રાલય
(C) પર્યાવરણ મંત્રાલય (D) ગૃહ મંત્રાલય

(A)

7. 'કાયાકલ્પ એવોર્ડ' વિશે સાચું વિધાન/વિધાનો જણાવો ?

1. તાજેતરમાં જવાહરલાલ નેહરૂ ઈન્સ્ટિટયૂટ ઓફ પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચને કેટેગરી A હેઠળ આ એવોર્ડ આપવામાં આવ્યો.
2. AIIMS ભુવનેશ્વરને કેટેગરી B હેઠળ આ એવોર્ડ આપવામાં આવ્યો.
3. આ એવોર્ડની શરૂઆત 15 મે, 2015ના રોજ કરવામાં આવી હતી.
4. આ પુરસ્કાર યોજના 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત શરૂ કરવામાં આવી હતી.

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3, 4

(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નવી વિદેશ વેપાર નીતિ 1 એપ્રિલથી અમલમાં આવશે

કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયે તાજેતરમાં નવી વિદેશ વેપાર નીતિ 2021-26ની જાહેરાત કરી હતી.

- આ નવી વિદેશ વેપાર નીતિ 1 એપ્રિલ, 2021થી અમલમાં આવશે.
- વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયના સંસદીય સલાહકાર સમિતિની બેઠક બાદ તેની જાહેરાત કરવામાં આવી હતી.
- આ નવી વિદેશ વેપાર નીતિ આગળના પાંચ વર્ષ સુધી લાગુ કરવામાં આવશે.

### નવી વિદેશ વેપાર નીતિનું લક્ષ્ય

વર્ષ 2024 સુધીમાં ભારતને 5 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાનું લક્ષ્ય આ નવી વિદેશ વેપારનીતિ અંતર્ગત રાખવામાં આવ્યું છે.

### નવી વિદેશ વેપાર નીતિની મુખ્ય વિશેષતાઓ

નવી વિદેશ વેપાર નીતિની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે :

- નવી વિદેશ વેપાર નીતિ અંતર્ગત જિલ્લા નિકાસ કેન્દ્રો મુખ્ય ભૂમિકા ભજવશે.
- આ નીતિનું લક્ષ્ય નિકાસને વેગ આપવાનું છે.
- તે ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસમાં વધારો કરશે.
- તે ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોત્સાહન દ્વારા ઘરેલું ઉત્પાદન અને સેવાક્ષેત્રની કામગીરીમાં સુધારો લાવશે.

### ભારતના સૌથી મોટા વેપાર ભાગીદાર દેશો

બાંગ્લાદેશ, યુ.કે., યુ.એસ.એ., ભૂતાન, યુ.એ.ઈ., સ્વિટ્ઝર્લેન્ડ, સાઉદી અરેબિયા, ઈઝરાયેલ, નેપાળ, સિંગાપોર, હોંગકોંગ, જર્મની, ઈરાક વગેરે જેવા દેશો ભારતના મોટા વેપાર ભાગીદાર દેશો છે.

### 5 ડોલરની અર્થવ્યવસ્થા બનવા માટે ભારત સામેના પડકારો

5 ડોલરની અર્થવ્યવસ્થા બનવા માટે ભારત સામેના પડકારો નીચે મુજબ છે :

- અંડર–એમ્પ્લોયમેન્ટ

- કૃષિ ક્ષેત્રમાં મંદી
- ભંડોળના પ્રશ્નો
- માળખાગત વિકાસની ધીમી ગતિ
- નિકાસના મુદ્દાઓ

## અગાઉની વિદેશ વેપાર નીતિ

અગાઉની વિદેશ વેપાર નીતિને **વર્ષ 2015** અને **વર્ષ 2020ની વચ્ચે અમલમાં** મૂકવામાં આવી હતી.

- આ નીતિનો હેતુ **'મેક ઈન ઈન્ડિયા'** પહેલને વેગ આપવાનો હતો.
- **'વિદેશ વેપાર નીતિ 2015-2020'** વર્ષ 2015થી વર્ષ 2021 સુધી અમલમાં હતી.
- આ નીતિ અંતર્ગત **'મર્ચન્ડાઈઝ એકસપર્ટ ફ્રોમ ઈન્ડિયા સ્કીમ (MEIS)'** હેઠળ પાંચ જુદી જુદી યોજનાઓને મર્જ કરવામાં આવી હતી. આ **પાંચ વિવિધ યોજનાઓ** નીચે મુજબ છે :
  1. માર્કેટ લિન્કડ ફોકસ પ્રોડક્ટ સ્કીમ
  2. ફોકસ પ્રોડકટ સ્કીમ
  3. ફોકસ માર્કેટ સ્કીમ
  4. વિશેષ કૃષિ એન્ડ ગ્રામ ઉદ્યોગ યોજના (VKGUY)
  5. ઈન્ફ્રાસ્ટ્રકચર ઈન્સેન્ટીવ સ્કીપ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### ICE FACTS

(1) **શ્રી હરદિપસિંહ પુરી** વર્તમાનમાં વાણિજય અને ઉદ્યોગ રાજ્યમંત્રી છે.

## ગુજરાતનો સૌપ્રથમ અને સૌથી મોટો જ્ઞાનવર્ધક રિયાલિટી શો 'સવાલોના સવા કરોડ'

**રાજકોટના તન્વી પ્રોડકશન પ્રાઈવેટ લિમિટેડ** દ્વારા 'સવાલોના સવા કરોડ' નામનો ગુજરાતનો સૌપ્રથમ અને સૌથી મોટો રિયાલિટી શો પ્રોડ્યુસ કરવામાં આવી રહ્યો છે.

- ગુજરાતના લોકો માટે ગુજરાતી ભાષામાં આ સૌપ્રથમ મોટો રિયાલિટી શો છે જેના તમામ સવાલો અને જવાબો ગુજરાતીમાં જ હશે.
- આ **શોને હોસ્ટ** ગુજરાતી રંગભૂમિના ખ્યાતનામ કલાકાર તેમજ અભિનેતા **શ્રી સિદ્ધાર્થ રાંદરિયા** દ્વારા કરવામાં આવશે.
- આ શોમાં મનોરંજનના માધ્યમથી લોકોના જનરલ નોલેજની કસોટી કરવામાં આવશે.
- આ જ્ઞાનવર્ધક શોને સમગ્ર પરિવાર એકસાથે બેસીને માણી શકશે.
- 'સવાલોના સવા કરોડ' શોના માધ્યમથી **લોકો સવાલોના જવાબ આપી રૂ. 11,111થી લઈને રૂ. 1.25 કરોડ સુધીના રૂપિયા જીતી** શકશે.
- ગુજરાતમાં આટલી મોટી રકમ જીતવાની તક આપનારો આ પહેલો શો છે જેમાં **16 વર્ષ કે તેથી વધુ વયના લોકો ભાગ લઈ** શકશે.
- તા. 17 જાન્યુઆરીથી લઈને તા. 4 ફેબ્રુઆરી સુધી તેમાં રજીસ્ટ્રેશન થઈ શકશે. આ માટેની રજીસ્ટ્રેશન લાઈન ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે શરૂ કરવામાં આવશે.
- આ શોમાં ભાગ લેવા માટે www.sscgujarat.com પર લોગ ઈન કરી અથવા SSC Gujarat એન્ડરોઈડ તથા એપ્લીકેશન પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.
- **શ્રી અમિતાભ બચ્ચન**ના **'કૌન બનેગા કરોડપતિ'** જેવો જ આ ગુજરાતનો પ્રથમ રિયાલિટી શો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ભારતની પ્રથમ સ્વદેશી મશીન પિસ્તોલ 'ASMI' સંયુકત રૂપે DRDO અને ભારતીય સેના દ્વારા વિકસાવવામાં આવી

ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (DRDO)ના પૂણે કેન્દ્ર અને ભારતીય સૈન્યના મહૂ સ્થિત ઈન્ફેન્ટ્રી સ્કૂલ દ્વારા સંયુકતરૂપે ભારતની પ્રથમ સ્વદેશી 9 mm મશીન પિસ્તોલ 'ASMI'નો વિકાસ કરવામાં આવ્યો છે.

## પિસ્તોલ 'ASMI' વિશે

ASMI પિસ્તોલ 9mmની બુલેટને ટ્રીગર કરી શકે છે. આ પિસ્તોલનું અપર રિસીવર વિમાન ગ્રેડનાં એલ્યુમિનિયમથી અને લોઅર રિસીવર કાર્બન ફાઈબરથી બનાવવામાં આવેલ છે.

- આ પિસ્તોલને 3D પ્રિન્ટીંગ ટેકનીકની મદદથી ડિઝાઈન કરવામાં આવી છે.
- તેને ફકત ચાર મહિનામાં વિકસાવવામાં આવી છે.
- તેને સશસ્ત્ર દળોના કમાન્ડરો, ટેંક અને વિમાન ચાલક દળ વગેરે માટે વ્યક્તિગત હથિયાર તરીકે સામેલ કરવામાં આવશે.
- તેનો ઉપયોગ કેન્દ્રીય અને રાજ્ય પોલિસ સંગઠનો દ્વારા V.I.P સુરક્ષા માટે કરવામાં આવશે.
- પ્રત્યેક પિસ્તોલની કિંમત ફકત 50,000 રૂપિયા હશે.
- આ પિસ્તોલ સેના અને પોલિસ હથિયારોના આધુનિકીકરણમાં મદદ કરશે.



## પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાનુ ત્રીજુ ચરણ 15 જાન્યુઆરીએ શરૂ કરવામાં આવ્યું

15 જાન્યુઆરી, 2021ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાના ત્રીજા તબક્કાની શરૂઆત કરવામાં આવી હતી.

- પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાના ત્રીજા તબક્કાનું અમલીકરણ કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને ઉદ્યમ મંત્રાલય દ્વારા કરવામાં આવી રહ્યું છે.

### પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (PMKVY) 3.0 વિશે

પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાનો ત્રીજો તબક્કો દેશના 600 જિલ્લાઓમાં લોન્ચ કરવામાં આવ્યો છે.

- પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાના ત્રીજા તબક્કા હેઠળ 729 પ્રધાનમંત્રી કૌશલ વિકાસ કેન્દ્રની સ્થાપના કરવામાં આવશે અને 200થી વધુ ITI 'સ્કીલ ઈન્ડિયા મિશન' અંતર્ગત શરૂ કરવામાં આવશે.
- PMKVY 3.0 ના અંતર્ગત 2020-21ના સમયગાળા દરમિયાન 8 લાખ લોકોને પ્રશિક્ષણ આપવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (PMKVY) વિશે

પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાને 15 જુલાઈ, 2015ના રોજ લોન્ચ કરવામાં આવી હતી.

- PMKVYને કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને ઉદ્યમ મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવી હતી.
- વર્ષ 2022 સુધીમાં 40 કરોડ ભારતીયોને વિવિધ તાલીમો આપીને પ્રશિક્ષિત કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.
- પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજનાનું અમલીકરણ રાષ્ટ્રીય કૌશલ વિકાસ નિગમ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

**ICE FACTS**

(1) કેન્દ્રીય કૌશલ વિકાસ અને ઉદ્યમ મંત્રી શ્રી મહેન્દ્રનાથ પાંડે છે.

1. કેન્દ્ર સરકારની નવી વિદેશ વેપાર નીતિ કયારથી અમલમાં આવશે ?
(A) 1 એપ્રિલ, 2021 (B) 1 માર્ચ, 2021
(C) 1 જાન્યુઆરી, 2022 (D) 1 જુલાઈ, 2021
(A)

2. નવી વિદેશ વેપાર નીતિ વિશે સાચું વિધાન/વિધાનો જણાવો ?
1. કેન્દ્રીય વાણિજય અને ઉદ્યોગ મંત્રાલયે તાજેતરમાં નવી વિદેશ વેપારનીતિ 2021-26ની જાહેરાત કરી.
2. વર્ષ 2024 સુધીમાં ભારતને 5 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાનું લક્ષ્ય આ નવી વિદેશ વેપારનીતિ અંતર્ગત રાખવામાં આવ્યું છે.
3. આ નવી વિદેશ વેપારનીતિ પાંચ વર્ષ સુધી લાગુ કરવામાં આવશે.
4. અગાઉની વિદેશ વેપારી નીતિને વર્ષ 2015 અને વર્ષ 2020ની વચ્ચે અમલમાં મૂકવામાં આવી હતી.
(A) 1, 2, 3, 4 (B) 2, 3 (C) 2, 3, 4 (D) 1, 2, 4
(A)

3. ગુજરાતના સૌપ્રથમ અને સૌથી મોટા જ્ઞાનવર્ધક રિયાલિટી શો ‘સવાલોના સવા કરોડ’ કોના દ્વારા હોસ્ટ કરવામાં આવશે ?
(A) શ્રી સિદ્ધાર્થ કપૂર (B) શ્રી સિદ્ધાર્થ દવે
(C) શ્રી આકાશ રાંદરિયા (D) શ્રી સિદ્ધાર્થ રાંદરિયા
(D)

4. ભારતની પ્રથમ સ્વદેશી મશીન પિસ્તોલ 'ASMI' કોના દ્વારા વિકસાવવામાં આવી છે ?
(A) DRDO (B) ભારતીય સેના
(C) (A) અને (B) બંને (D) (A) અને (B) પૈકી એકપણ નહીં
(C)

5. પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (PMKVY)નું ત્રીજુ ચરણ કયારે શરૂ કરવામાં આવ્યું હતું ?
(A) 1 જાન્યુઆરી, 2021 (B) 7 જાન્યુઆરી, 2021
(C) 14 જાન્યુઆરી, 2021 (D) 15 જાન્યુઆરી, 2021
(D)

6. પ્રધાનમંત્રી કૌશલ વિકાસ યોજના (PMKVY) વિશે ખોટું વિધાન જણાવો ?
(A) PMKVYને 15 જુલાઈ, 2015ના રોજ લોન્ચ કરવામાં આવી હતી.
(B) PMKVYને કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને ઉદ્યમ મંત્રાલય દ્વારા લોન્ચ કરવામાં આવી હતી.
(C) PMKVYનું લક્ષ્યાંક વર્ષ 2022 સુધીમાં 40 કરોડ ભારતીયોને પ્રશિક્ષિત કરવાનું છે.
(D) (A) અને (B) ખોટાં છે.
(D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગુજરાત

➤ **અમૃત ખેડૂત બજાર હેઠળ ગુજરાતનું પહેલું પ્રાકૃતિક બજાર ભાવનગરમાં ખોલવામાં આવ્યું**

ભાવનગર જિલ્લાના પ્રાકૃતિક કૃષિ કરતા ખેડૂતોને શહેરમાં પોતાની પેદાશનાં વેચાણ માટે એક જગ્યા મળી રહે અને શહેરમાં રહેતા લોકો જે સ્વાસ્થ્ય જાળવવા અને નિરોગી રહેવા પ્રાકૃતિક ખોરાક લેવા ઈચ્છુક છે તેવા લોકોને સરળતાથી ગામડાંમાં સંપૂર્ણ પ્રાકૃતિક કૃષિ કરતાં ખેડૂતો દ્વારા ઉત્પાદિત પેદાશ મળી રહે તે અભિગમ સાથે અમૃત બજાર શરૂ કરવામાં આવ્યું છે. **ગુજરાતનું આ સૌપ્રથમ પ્રાકૃતિક બજાર** છે.

➤ **ચંદ્રયાન-2 મિશનના વિભાગમાં જુનિયર સાયન્ટીસ્ટ તરીકે ગુજરાતની દીકરી ત્વિષા ચૌધરીની પસંદગી**

**અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકાના ગોઢા** ગામની **ત્વિષા ચૌધરી** નામની 17 વર્ષીય યુવતીની ચંદ્રયાન-2 મિશનના વિભાગમાં જુનિયર સાયન્ટીસ્ટ તરીકે પસંદગી કરવામાં આવી છે. ઈસરોમાં ઈન્ડિયન સ્પેસ ઓલમ્પિયાડ-2 ક્ષેત્રની પરીક્ષામાં સમગ્ર ભારતમાં તેણી પ્રથમ ક્રમે આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ઊર્જા બચતમાં ભાવનગર રેલવે ડિવિઝન સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે આવ્યું**

વેસ્ટર્ન રેલવેના ભાવનગર ડિવિઝનને ઊર્જા સંરક્ષણની ઓફિસ બિલ્ડીંગ કેટેગરીમાં રાષ્ટ્રીય સ્તરે પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું છે. 11 જાન્યુઆરી, 2021ના રોજ વિજ્ઞાન ભવન, નવી દિલ્હી ખાતે ભારત સરકારના ઊર્જા મંત્રાલય કાર્યક્ષમતા બ્યૂરો દ્વારા યોજાયેલા વર્ચ્યુઅલ કાર્યક્રમમાં આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. ભાવનગર ડિવિઝન દ્વારા ઊર્જાનો વપરાશ કરતા જૂના ઉપકરણો અને એલઈડી દૂર કરીને 5 સ્ટાર રેટેડ એસી ફ્રિજ વગેરેનો ઉપયોગ કરીને ઊર્જાનો બચત કરવામાં આવ્યો છે. સોલર સિસ્ટમનો ઉપયોગ વધારી, બિન જરૂરી પંખા તેમજ લાઈટ બંધ કરી કુલ ઊર્જા ખર્ચમાં 52 ટકા જેટલો ઘટાડો ભાવનગર ડિવિઝનમાં થયો હતો. આ યાદીમાં બીજા ક્રમાંકે રાજકોટ રેલવે ડિવિઝન રહ્યું હતું.

➤ **ઉત્તરાયણ તહેવારો દરમિયાન પતંગ દોરાથી ઘાયલ થતાં પક્ષીઓના જીવ બચાવવા ગુજરાત સરકારે 10 દિવસીય 'કરૂણા-અભિયાન 2021' શરૂ કર્યું**

ગુજરાત સરકાર દ્વારા **કરૂણા અભિયાન-2021 10 જાન્યુઆરીથી 20 જાન્યુઆરી સુધી** શરૂ કરાયું હતું. આ કરૂણા અભિયાન **ગુજરાતના વન વિભાગ** દ્વારા સંચાલિત કરવામાં આવે છે. ચાલુ વર્ષે કરૂણા અભિયાનમાં 421 સારવાર કેન્દ્રો, 71 મોબાઈલવાન, 37 કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ તથા 529 પશુ ચિકિત્સકો ઉપરાંત કર્મચારીઓ અને સ્વયંસેવકો સહભાગી થયા છે. ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે **કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઈન નંબર'1962'** છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ગુજરાત ST બસ નિગમને સળંગ ત્રીજા વર્ષે ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર્સ રોડ સેફ્ટી એવોર્ડ મળ્યો**

ગુજરાત એસટી બસ નિગમને સતત ત્રીજા વર્ષે ટ્રાન્સપોર્ટ મિનીસ્ટર્સ રોડ સેફટી એવોર્ડ મળ્યો છે. આ એવોર્ડ અંતર્ગત વિજેતા ટ્રોફી તેમજ રૂપિયા બે લાખનો પુરસ્કાર કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીને હસ્તે નવી દિલ્હી ખાતે એનાયત કરાશે.

➤ **ગુજરાતની ઈન્ડસ્ટ્રીયલ પોલીસી 2020-2025 અંતર્ગત વડોદરાની પારૂલ યુનિવર્સિટીને નોડલ સેન્ટર તરીકે મંજુરી અપાઈ**

ગુજરાત સરકારના ઈન્ડસ્ટ્રી કમિશનરેટ દ્વારા ઈન્ડસ્ટ્રીયલ પોલીસી 2020-2025 અંતર્ગત વડોદરાની પારૂલ યુનિવર્સિટીને નોડલ સેન્ટર તરીકે મંજુરી આપવામાં આવી છે. જે હેઠળ યુનિવર્સિટી દ્વારા સ્ટાર્ટઅપ અને ઈનોવેશનને પ્રોત્સાહન અપાશે. યુનિવર્સિટી દ્વારા ભલામણ કરવામાં આવેલા વિદ્યાર્થીઓને રાજ્ય સરકાર દ્વારા સ્ટાર્ટઅપ દીઠ રૂ. 30 લાખ સુધીની ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

➤ **દાંતીવાડા યુનિવર્સિટીને કાંકરેજ 'દેશી ગાય'ના શ્રેષ્ઠ સંવર્ધન માટે શ્રેષ્ઠ નસ્લ રાષ્ટ્રીય એવોર્ડ આપવામાં આવ્યો**

દાંતીવાડા યુનિવર્સિટી ખાતે આવેલા પશુ સંશોધન કેન્દ્ર અનેક વર્ષોથી કાંકરેજ ગાયની નસ્લ સુધારવાનું અને વધુ દૂધ આપતી ઓલાદ બનાવવા અથાગ પ્રયત્નો કરી હાલમાં દૂધનું પ્રમાણ વધારવાની સાથે. સારી ઓલાદોનું જતન કરવામાં પણ મોખરે છે. ત્યારે તેની કામગીરીની યોગ્યતા અને શ્રેષ્ઠ પશુ સાચવણી માટે તેને રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યું છે, આમ કેન્દ્ર દ્વારા અનેક પ્રકારે મહેનત કરી યોગ્ય ઓલાદ બનાવી તેની માવજત સાથે સારસંભાળ કરવામાં આવતી હોય માટે હરિયાણા રાજ્ય સ્થિત 23 ડિસેમ્બરના ખેડૂત દિવસે દાંતીવાડા સરદાર કૃષિનગર યુનિવર્સિટીના પશુ સંશોધન કેન્દ્રને શ્રેષ્ઠ નસ્લ સંવર્ધન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

## ભારત

➤ **નિક્સી ભારતીય ભાષાઓમાં મફત ડોમેન નામની બુકિંગ સુવિધા પ્રદાન કરશે**

નેશનલ ઈન્ટરનેટ એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (nixi) 22 અધિકૃત ભારતીય ભાષાઓમાં મફત ડોમેન નામની બુકિંગ સુવિધા પ્રદાન કરશે. તે સ્થાનિક ભાષાઓમાં મફત ઈમેલ પણ પ્રદાન કરશે. આ પહેલનો ઉદ્દેશ ભારતીય ભાષાઓમાં ડોમેન નામને સ્વીકારવાનો છે. નેશનલ ઈન્ટરનેટ એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (nixi)ની સ્થાપના વર્ષ 2003માં થઈ હતી. તે દેશમાં ઈન્ટરનેટ સેવાઓ પ્રદાન કરવા માટેની નોન–પ્રોફીટ કંપની છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **કેન્દ્ર સરકારે AGMUTની સાથે જમ્મુ-કાશ્મીર ઓલ ઈન્ડિયા સર્વિસ કેડરના અધિકારીઓના જોડાણની ઘોષણા કરી**

કેન્દ્ર સરકારે જમ્મુ–કાશ્મીર કેડરના IAS, IPS અને IFS અધિકારીઓની **અરૂણાચલ પ્રદેશ**, **ગોવા**, **મિઝોરમ** અને **કેન્દ્રશાસિત પ્રદેશ (AGMUT)** કેડરના અધિકારીઓની સાથે જોડાણની ઘોષણા કરી છે, તે AGMUT કેડરના અધિકારીઓને જમ્મુ–કાશ્મીરમાં કામ કરવાની મંજૂરી આપશે. AGMUT કેડરને **'કેન્દ્રશાસિત પ્રદેશ'** કેડર તરીકે પણ ઓળખવામાં આવે છે.

➤ **તમિલનાડુ સરકાર કોલેજના વિદ્યાર્થીઓને ઓનલાઈન અભ્યાસ કરવા માટે પ્રતિદિન 2 GB ડેટા આપશે**

ઓનલાઈન વર્ગખંડની મદદથી અભ્યાસ કરવા માટે ઈન્ટરનેટ સુધીની પહોંચ સહિતના અનેક પ્રશ્નોનો સામનો કરી રહેલા કોલેજના વિદ્યાર્થીઓને રાહત આપતાં તમિલનાડુની સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. તમિલનાડુના મુખ્યપ્રધાન શ્રી એડાપડ્ડી કે. પલાનીસ્વામીએ જાહેરાત કરી હતી કે રાજ્ય સરકાર પ્રતિદિન 2 GBની ક્ષમતા ધરાવતા ફ્રી ડેટા કાર્ડ ઈસ્યૂ કરશે.

➤ **ભારતની ચાર મહિલા પાઈલોટે દુનિયાના સૌથી લાંબા હવાઈ માર્ગ નોર્થ પોલ પર ઉડાન ભરી**

એર ઈન્ડિયાની ચાર મહિલા પાઈલોટની ટીમે **દુનિયાના સૌથી લાંબા હવાઈ માર્ગ નોર્થ પોલ** પર ઉડાન ભરીને ઈતિહાસ સર્જ્યો છે **કેપ્ટન જોયા અગ્રવાલ, કેપ્ટન પાપાગરી તન્મઈ, કેપ્ટન આકાંક્ષા સોનવણે** અને **કેપ્ટન શિવાની**ની ટીમે પહેલીવાર **16 હજાર કિ.મી.**ની ઉડાન ભરી હતી. અમેરિકાના સેન ફ્રાન્સિસ્કોથી બેંગાલુરુના કેમ્પેગૌડા એરપોર્ટ પર પહોંચેલી **ટીમનું નેતૃત્વ** દિલ્હી બેઝ પર તૈનાત **કેપ્ટન જોયા અગ્રવાલે** કર્યું હતું. **દુનિયાના સૌથી લાંબા હવાઈ પટ્ટા પર ચાલક દળનું નેતૃત્વ કરનાર કેપ્ટન જોયા અગ્રવાલ એર ઈન્ડિયાની પહેલી મહિલા કમાન્ડર** બની ગઈ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **'COWIN' કોવિડ-19 ઈનોક્યુલેશન ડ્રાઈવનો પાયો નાખશે**

10 જાન્યુઆરી, 2021ના રોજ કેન્દ્ર સરકારે જાહેરાત કરી હતી કે COWIN કોવિડ-19 રસી વિતરણ પર નજર રાખશે અને એન્ટી–કોરોના વાયરસ ઈનોક્યુલેશન ડ્રાઈવનો પાયો નાખશે. **COWIN (કોવિડ વેક્સિન ઈન્ટેલિજન્સ નેટવર્ક)એ મોબાઈલ એપ્લિકેશન** છે.

➤ **ગુવાહાટીમાં મહિલાઓ અને વરિષ્ઠ નાગરીકોને મફત મુસાફરી પૂરી પાડવા 'ભ્રમણ સારથી' યોજના**

આસામના મુખ્યમંત્રી શ્રી સર્વાનંદ સોનવાલે તાજેતરમાં વરિષ્ઠ નાગરીકો અને મહિલાઓ માટે 'ભ્રમણ સારથી' યોજના અંતર્ગત 25 બસોને લીલીઝંડી આપી હતી. આ લાભાર્થીઓ ગુવાહાટી શહેરની બસોમાં મફત મુસાફરી કરી શકશે.

➤ **લેહમાં પ્રથમવાર આઈસ કલાઈમ્બિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું**

લેહના નુબ્રાઘાટી ખાતે પ્રથમ વાર આઈસ કલાઈમ્બિંગ ફેસ્ટિવલનું આયોજન થયું હતું. આ સાત દિવસના મહોત્સવનું આયોજન નુબ્રા એડવેન્ચર કલબ દ્વારા કરવામાં આવ્યું હતું. નુબ્રાઘાટીમાં શિયાળા દરમિયાન પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે તેનું આયોજન કરવામાં આવ્યું હતું.

➤ **કેન્દ્રીય કેબિનેટે વૈજ્ઞાનિક અને તકનીકી સહકાર માટે ભારત-યુ.એઈ. વચ્ચે થયેલા MoUને મંજૂરી આપી**

કેન્દ્રીય કેબિનેટે તાજેતરમાં સંયુકત આરબ અમીરાત અને પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય (ભારત) વચ્ચે થયેલા MoUને મંજૂરી આપી હતી. આ સમજૂતી અંતર્ગત બંને દેશો મૌસમ વિજ્ઞાન, ભૂકંપ વિજ્ઞાન અને સમુદ્ર વિજ્ઞાન અંગે માહિતીઓની આપ–લે કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## વિશ્વ

➤ **સાઉદી અરબમાં કારમુકત શહેર 'ધ લાઈન' આકાર પામશે**

સાઉદી અરબના ક્રાઉન પ્રિન્સ મહમદ બિન સલમાન દ્વારા દેશના તેલ ભંડારો ખતમ થયા પછીના સાઉદી અરબના ભાવિ કાર મુકત શહેરની પરિકલ્પના જાહેર કરવામાં આવી હતી. 500 અબજ ડોલરના ખર્ચે હાથ ધરવામાં આવેલા **'નિઓમ'** બિઝનેસ ઝોન માટેના પ્રોજેકટના ભાગરૂપે જ શૂન્ય કાર્બન ઉત્સર્જન કરનારું કાર મુકત શહેર 'ધ લાઈન' માટે નિર્માણ કાર્ય હાથ ધરવામાં આવશે. આ શહેરમાં કાર અને રસ્તાઓ નહી હોય. 105 માઈલની એક જ લાઈનમાં વસેલા ધ લાઈન શહેરમાં પગે ચાલીને ફરી શકાશે. શૂન્ય કાર, શૂન્ય સડક અને શૂન્ય ઉત્સર્જન ધરાવતા આ શહેરમાં દસ લાખ લોકો વસવાટ કરી શકશે. ધ લાઈન શહેરમાં કોઈપણ સ્થળે પહોંચવા 20 મિનિટથી વધુ ચાલવુ નહીં પડે.

ICE ? Questions

- અમૃત ખેડૂત બજાર હેઠળ ગુજરાતનું પહેલું પ્રાકૃતિક બજાર કયા જિલ્લામાં ખોલવામાં આવ્યું ?
  – ભાવનગર
- ચંદ્રયાન-2 મિશનના વિભાગમાં જુનિયર સાયન્ટીસ્ટ તરીકે પસંદગી પામેલ ગુજરાતની દીકરીનું નામ જણાવો ?
  – ત્વિષા ચૌધરી
- ઊર્જા બચતમાં સમગ્ર દેશમાં કયુ રેલવે ડિવિઝન પ્રથમ ક્રમે આવ્યું છે ?
  – ભાવનગર રેલવે ડિવિઝન
- ગુજરાત સરકારે ‘કરૂણા અભિયાન 2021’ કયા સમયગાળા દરમિયાન શરૂ કર્યું હતું ?
  – 10 જાન્યુઆરીથી 20 જાન્યુઆરી દરમિયાન
- ઘવાયેલા પક્ષીઓની સારવાર માટે કરૂણા એનિમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઈન નંબર જણાવો ?
  – 1962
- ગુજરાત ST બસ નિગમને ટ્રાન્સપોર્ટ મિનિસ્ટર્સ રોડ સેફટી એવોર્ડ કોના હસ્તે એનાયત કરવામાં આવશે ?
  – કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી શ્રી નીતિન ગડકરીના હસ્તે
- ગુજરાતની ઈન્ડસ્ટ્રીયલ પોલિસી 2020-2025 અંતર્ગત કઈ યુનિવર્સિટીને નોડલ સેન્ટર તરીકે તાજેતરમાં મંજૂરી આપવામાં આવી હતી ?
  – વડોદરાની પારૂલ યુનિવર્સિટીને
- તાજેતરમાં ગુજરાતની કઈ યુનિવર્સિટીને દેશી ગાયના શ્રેષ્ઠ સંવર્ધન માટે શ્રેષ્ઠ નસ્લ રાષ્ટ્રીય એવોર્ડ આપવામાં આવ્યો છે ?
  – દાંતીવાડા યુનિવર્સિટીને
- કોના દ્વારા ભારતીય ભાષાઓમાં મફત ડોમેન નામની બુકિંગ સુવિધાઓ પ્રદાન કરવામાં આવશે ?
  – નેશનલ ઈન્ટરનેટ એકસચેન્જ ઓફ ઈન્ડિયા (nixi)
- nixi કેટલી અધિકૃત ભારતીય ભાષાઓમાં મફત ડોમેન નામની બુકિંગ સુવિધા પ્રદાન કરશે ?
  – 22
- કેન્દ્ર સરકારે તાજેતરમાં AGMUTની સાથે કયા કેન્દ્રશાસિત પ્રદેશના ઓલ ઈન્ડિયા સર્વિસ કેડરના અધિકારીઓના જોડાણની ઘોષણા કરી ?
  – જમ્મુ–કાશ્મીર

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE ? Questions

➤ AGMUT કેડરને અન્ય કઈ કેડર તરીકે પણ ઓળખવામાં આવે છે ?

– કેન્દ્રશાસિત પ્રદેશ કેડર

➤ તાજેતરમાં કયા રાજ્ય દ્વારા તેમના કોલેજના વિદ્યાર્થીઓને ઓનલાઈન અભ્યાસ કરવા માટે પ્રતિદિન 2GB ડેટા આપવાની જાહેરાત કરવામાં આવી હતી ? – તમિલનાડુ

➤ તાજેતરમાં ભારતની કેટલી મહિલા પાઈલોટે દુનિયાના સૌથી લાંબા હવાઈમાર્ગ નોર્થ પોલ પર ઉડાન ભરી હતી ? – ચાર

➤ દુનિયાના સૌથી લાંબા હવાઈમાર્ગ નોર્થ પોલ પર ભારતીય મહિલા પાઈલોટના દળનું નેતૃત્વ કરનાર કમાન્ડરનું નામ જણાવો ? – કેપ્ટન જોયા અગ્રવાલ

➤ દુનિયાના સૌથી લાંબા હવાઈમાર્ગ નોર્થ પોલ પર પ્રવાસ કરનાર ભારતીય મહિલા પાઈલોટનું દળ ભારતના કયા એરપોર્ટ પર પહોંચ્યું હતું ?

– બેંગાલુરુના કેમ્પેગોડા એરપોર્ટ પર

➤ 'COWIN'એ મોબાઈલ એપ્લિકેશન છે, તેનું પૂરું નામ જણાવો ?

– કોવિડ વેક્સિન ઈન્ટેલિજન્સ નેટવર્ક

➤ આસામના કયા શહેરમાં તાજેતરમાં મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકોને મફત મુસાફરી પૂરી પાડવા 'ભ્રમણસારથી' યોજના શરૂ કરવામાં આવી હતી ? – ગુવાહાટી

➤ તાજેતરમાં કયા સ્થળે પ્રથમવાર આઈસ કલાઈમ્બિંગ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું ? – લેહમાં

➤ કેન્દ્રીય કેબિનેટે તાજેતરમાં કયા દેશ સાથે વૈજ્ઞાનિક અને તકનીકી સહકાર માટેના MoUને મંજુરી આપી હતી ? – યુ.એ.ઈ.

➤ કયા દેશમાં કારમુક્ત શહેર 'ધ લાઈન' આકાર પામશે ? – સાઉદી આરબ

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં ઈન્ડોનેશિયાની કઈ એરલાઈન્સનું વિમાન દરિયામાં ક્રેશ થઈ ગયુ હતું ?
– શ્રી વિજયા એરલાઈન્સ

2. ગુજરાતમાં ભારતીય કિસાન સંઘના સંસ્થાપકનું તાજેતરમાં નિધન થયું હતું, તેમનું નામ જણાવો ?
– શ્રી જીવણભાઈ પટેલ

(શ્રી જીવણભાઈ પટેલે ગુજરાતમાં કિસાન સંઘની સ્થાપના કરી હતી. તેઓનું અવસાન અમદાવાદ નજીક આવેલા દેવનગર ગામ ખાતે થયું હતું.)

3. અમેરિકી સંસદના સ્પીકરનું નામ જણાવો ?
– નેન્સી પેલોસી

4. ભારત ડાયનામિકસ લિમિટેડે તાજેતરમાં કઈ યુરોપિયન ડિફેન્સ કંપની સાથે એર ડિફેન્સ સિસ્ટમ માટે હસ્તાક્ષર કર્યા ?
– થેલ્સ

5. શ્રી સુભાષચંદ્ર બોઝની 125મી જન્મજયંતિની ઉજવણી કરવા માટે કોની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે ?
– વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં

(આ સમિતિના સભ્યોમાં પ્રતિષ્ઠિત નાગરિકો, ઈતિહાસકારો, લેખકો, નિષ્ણાંતો, નેતાજી સુભાષચંદ્ર બોઝના પરિવારના સભ્યો તેમજ આઝાદહિંદ ફોજ સાથે સંકળાયેલા લોકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.)

6. ટ્વિટર દ્વારા તાજેતરમાં કયા વૈશ્વિક નેતાનું અકાઉન્ટ કાયમ માટે સ્થગિત કરવામાં આવ્યું હતું ?
– ડોનાલ્ડ ટ્રમ્પ

7. હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશની નિમણૂક રાષ્ટ્રપતિ બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત કરે છે ?
– અનુચ્છેદ 217 અંતર્ગત

(ભારતમાં વર્તમાનમાં 25 હાઈકોર્ટ આવેલી છે. કોલકાત્તા હાઈકોર્ટ ભારતની સૌથી જૂની હાઈકોર્ટ છે.)

8. કોલસાની ખાણો માટે 'સિંગલ વિન્ડો કલીયરન્સ સિસ્ટમ' તાજેતરમાં કોના દ્વારા લોન્ચ કરવામાં આવી હતી ?
– કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા

(ભારત વર્તમાનમાં તેની જરૂરિયાતની 72% વીજળી કોલસામાંથી ઉત્પન્ન કરે છે. સિંગલ વિન્ડો કલીયરન્સ સિસ્ટમ અંતર્ગત કોઈ કંપનીને કોલસાની ખાણ શરૂ કરવા 19 જેટલી મંજૂરીઓ એક જગ્યાએ મળી જશે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

9. તાજેતરમાં શ્રી કેસરીસિંહનું નિધન થયું હતું, તેઓ કયા શહેરના રેન્જ IG હતા ? – અમદાવાદ

10. બર્ડ ફ્લૂએ શેનાથી ફેલાતો રોગ છે ? – વાઈરસ
(બર્ડ ફ્લૂએ 'એવિયન ઈન્ફ્લૂએન્ઝા' અથવા 'એવિયન ફ્લૂ' તરીકે પણ ઓળખાય છે.)

11. તાજેતરમાં કયા કેન્દ્રીય મંત્રીશ્રીની પત્નિનું અવસાન માર્ગ અકસ્માતમાં થયું હતું ?
– શ્રી પદ યેસ્સો નાયક
(શ્રી પદ યેસ્સો નાયક સંરક્ષણ તેમજ આયુષ મંત્રાલયના રાજ્યમંત્રી છે.)

12. દ્વિતીય વિશ્વયુદ્ધ દરમિયાન ભારતથી ઈંગ્લેન્ડ જઈ રહેલા કયા જહાજને હિટલરે ડૂબાડી દીધું હતું જેમાંથી તાજેતરમાં 14 અબજની ચાંદી મળી હતી ? – એસ.એસ.ગેરસોપ્પા જહાજ

13. પૃથ્વી પર જીવજંતુઓની વસતી ઝડપી દરે ઘટી રહી છે, પૃથ્વી પર દર વર્ષે 2% જીવજંતુઓ ઓછા થઈ રહયા છે તેના માટે કયો શબ્દ વપરાય છે ? – ઈન્સેકટ એપોકેલિપ્સ
(ઈન્સેકટ એપોકેલિપ્સ માટે જવાબદાર પરિબળો જંતુનાશકો, વાતાવરણમાં ફેરફાર, પ્રકાશ પ્રદૂષણ, હર્બિસાઈડ્સ, આક્રમક પ્રજાતિઓ, જમીનના ઉપયોગમાં ફેરફાર, સઘન કૃષિ વગેરેનો સમાવેશ થાય છે.)

14. ગ્લોબલ ઈબોલા વેકિસન સ્ટોકપાઈલની સ્થાપના તાજેતરમાં કઈ ચાર આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ દ્વારા કરવામાં આવી હતી ?
– વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO), મેડિસીન્સ સાન્સ ફ્રન્ટિયર્સ (MSF), ઈન્ટરનેશનલ ફેડરેશન ઓફ રેડક્રોસ એન્ડ રેડ ક્રેસન્ટ સોસાયટીઝ (IFRC) અને UNICEF દ્વારા
(WHO, MSF, IFRC અને UNICEFના ચાર ગ્રૂપોને સંયુકત રીતે ઈન્ટરનેશનલ કોઓર્ડિનેટીંગ ગ્રૂપ તરીકે ઓળખવામાં આવે છે. યુનિસેફ ઈન્ટરનેશનલ કોઓર્ડિનેટીંગ ગ્રૂપ વતી ગ્લોબલ ઈબોલા વેકિસન સ્ટોકપાઈલનું સંચાલન કરશે.)

15. તાજેતરમાં યુ.એસ. દ્વારા કયા દેશને સ્ટેટ સ્પોન્સર ઓફ ટેરરિઝમ તરીકે નામિત કર્યો છે ?
–કયુબા
(વર્તમાનમાં ઈરાન, સીરિયા અને નોર્થ કોરિયા સ્ટેટ સ્પોન્સર ઓફ ટેરરિઝમમાં સમાવિષ્ટ દેશો છે.)

16. ટેસ્લા ભારતમાં કયા સ્થળે તેનું રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ યુનિટ શરૂ કરશે ? – બેંગાલુરુ
(ટેસ્લા ઈન્ડિયામાં તાજેતરમાં વૈભવ તનેજા, વેંકટ રંગમ શ્રીરામ, ડેવિડ ફેસ્ટિનની MDપદે વરણી કરવામાં આવી છે.)

17. તાજેતરમાં કયા અમેરિકી રાષ્ટ્રપતિ વિરૂદ્ધ બીજી વખત ઈમ્પીચમેન્ટની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી ? – ડોનાલ્ડ ટ્રમ્પ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

(અમેરિકામાં બે વાર મહાભિયોગનો સામનો કરવાવાળા ડોનાલ્ડ ટ્રમ્પ પ્રથમ અમેરિકી રાષ્ટ્રપતિ બન્યા.)

18. કેન્દ્રીય પર્યાવરણ પ્રધાન શ્રી પ્રકાશ જાવડેકરે તાજેતરમાં કેટલા રાષ્ટ્રીય ઉદ્યાનો અને વન્યપ્રાણી અભયારણ્યોનો મેનેજમેન્ટ અસરકારકતા મૂલ્યાંકન અહેવાલ બહાર પાડયો છે ? – 146
(આ અહેવાલ તેના પ્રકારનો દેશમાં પ્રથમ છે. દેશમાં વન્યપ્રાણીઓ માટે 903 સુરક્ષિત ક્ષેત્રો છે. આ વિસ્તારો કુલ ભૌગોલિક ક્ષેત્રના 5% વિસ્તારને આવરે છે.)

19. 'કલાસપ્લસ'ના બ્રાંડ એમ્બેસેડર તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી ?
– શ્રી સૌરવ ગાંગુલી

20. જાપાનની કઈ મલ્ટિનેશનલ કંપની વારાણસીમાંથી કપડા માટેનો કાચો માલ ખરીદશે ? – યુનિકોલ

21. તાજેતરમાં કયા રાજ્યમાં ચેરી બ્લોઝોમ માઓ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું ?
– મણિપુર

22. BIMSTECના નવા સેક્રેટરી જનરલ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી ?
– તેન્જિન લેકફલ
(BIMSTECનું પૂરું નામ 'બે ઓફ બેંગાલ ઈનિશિયેટિવ ફોર મલ્ટિસેકટ્રલ ટેકનિકલ એન્ડ ઈકોનોમિક કોઓપરેશન' છે.)

23. હેરિટેજ કન્ઝર્વેશન કમિટીની રચના તાજેતરમાં કોની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી ?
– શહેરી બાબતોના મંત્રાલયના અધિક સચિવની અધ્યક્ષતામાં

24. વિલ્યુચિન્સકી વોટરફોલ કયા દેશમાં સ્થિત છે ? – રશિયા
(વિલ્યુચિન્સકી વોટરફોલને શિયાળામાં 'ઝાર આઈસિકલ' તરીકે ઓળખવામાં આવે છે. આ વોટરફોલ 'રીંગ ઓફ ફાયર'નો એક ભાગ છે.

25. આતંકવાદ સામે લડવા માટે ભારતે UNSC (યુનાઈટેડ નેશન્સ સિકયુરિટી કાઉન્સિલ)માં કેટલા મુદ્દાનો એકશન પ્લાન રજૂ કર્યો હતો ? – આઠ મુદ્દાનો એકશન પ્લાન
(વિદેશ પ્રધાન એસ. જયશંકરે તાજેતરમાં યુનાઈટેડ નેશન્સ સિકયુરિટી કાન્સિલને સંબોધન કર્યું હતું.)

26. ટીવી ચેનલોના ટેલિવિઝન રેટિંગ પોઈન્ટ્સ (TRP)ને વધુ પારદર્શક બનાવવા માટે કોની અધ્યક્ષતામાં સમિતિની રચના કરવામાં આવી હતી ?
– પ્રસાર ભારતીના CEO શશી શેખર વેંપતીની અધ્યક્ષતામાં

27. ભારતની કઈ કંપની બ્રાઝિલને કોવિડ-19ની રસી 'કોવેકિસન' પહોંચાડશે ? – ભારત બાયોટેક

INSTITUTE FOR COMPETITIVE EXAMS

28. રિલાઈન્સ ફાઉન્ડેશને બનાવેલા મધ્યાહન ભોજન રસોઈ ઘરનું મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા લોકાર્પણ કયા કરવામાં આવ્યું હતું ? – જામનગર ખાતે

29. મહેસાણાની દૂધસાગર ડેરીના ચેરમેનપદે તાજેતરમાં કોની વરણી કરવામાં આવી ? – શ્રી અશોકભાઈ ચૌધરી

(દૂધસાગર ડેરીના વાઈસ ચેરમેનપદે શ્રી અમરતભાઈ દેસાઈની વરણી કરવામાં આવી છે.)

30. કયા જિલ્લાના આદિવાસી ભાઈ–બ્હેનોમાં ઉતરાયણના તહેવાર દરમિયાન દેવચકલી (દેવલી)ને પકડીને ઘી–ગોળ ખવડાવી વર્ષફળ જોવાની અનોખી પરંપરા જોવા મળે છે ? – અરવલ્લી જિલ્લામાં

(આ પ્રકારની પરંપરા મુખ્યત્વે અરવલ્લી જિલ્લાના ચાર જેટલા ખાસ આદિવાસી વસતી ધરાવતા ભિલોડા, મેઘરજ, શામળાજી તાલુકામાં જોવા મળે છે.)

31. ગુજરાતના કયા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટ્સ મ્યુઝિયમ બનાવવાની જાહેરાત મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ કરી હતી ? – જામનગર

(જામનગરમાં આંતરરાષ્ટ્રીય કક્ષાનું સ્પોર્ટ્સ મ્યુઝિયમ બનાવવામાં આવશે. આ મ્યુઝિયમનું નામ પૂર્વ રાજવી અને વિખ્યાત ક્રિકેટર 'સર જામ રણજીતસિંહજી' પરથી રાખવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીએ જામનગરમાં 3,600 ચો.મી. વિસ્તારમાં રૂ. 15 કરોડના ખર્ચે અત્યાધુનિક સ્પોર્ટ્સ મ્યુઝિયમનું નિર્માણ કરવાની મહત્ત્વપૂર્ણ જાહેરાત કરી હતી. આ મ્યુઝિયમમાં ગુજરાતના રમત વીરોની સિદ્ધિઓ, સુવર્ણચંદ્રકો, ટ્રોફી સાથેનું સ્મૃતિભવન પણ બનાવવામાં આવશે.)

32. એન્જિનિયરિંગ ગ્રાફિક્સ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઓ માટે એન્જિનિયરિંગ સોલ્યુશન્સ માટે "Collab CAD' સોફ્ટવેર કોના દ્વારા શરૂ કરવામાં આવ્યું છે ?

– નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટર (NIC) અને સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (CBSE) દ્વારા સંયુક્ત રીતે

33. પ્રખ્યાત સામાજિક કાર્યકર શ્રી ડી. પ્રકાશ રાવનું તાજેતરમાં કયા સ્થળે નિધન થયું હતું ? – કટક ખાતે

(પ્રખ્યાત સામાજિક કાર્યકર શ્રી ડી. પ્રકાશ રાવને વર્ષ 2019માં કેન્દ્ર સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડ આપવામાં આવ્યો હતો. કટકમાં તેઓની સાધારણ ચાની સ્ટોલ હોવા છતાં તેમણે ઝૂંપડપટ્ટીના બાળકોને મફત શિક્ષણ આપવા માટે એક નાનકડી શાળા ચલાવી હતી.)

34. ડિજિટલ ધિરાણને પ્રોત્સાહિત કરવા માટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ તાજેતરમાં કોની

INSTITUTE FOR COMPETITIVE EXAMS

અધ્યક્ષતામાં એક વર્કિંગ ગ્રૂપ પેનલની રચના કરી હતી ?

– **RBIના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી જયંત કુમાર દશની અધ્યક્ષતામાં**

35. તાજેતરમાં કોના દ્વારા ફાયનાન્સિયલ સ્ટેબિલિટી રિપોર્ટ (FSR) જાહેર કરવામાં આવ્યો હતો ?

– **RBIની ફાયનાન્સિયલ સ્ટેબિલિટી એન્ડ ડેવલપમેન્ટ કાઉન્સિલ (FSDC) દ્વારા**

(RBIએ તાજેતરમાં FSR, ડિસેમ્બર 2020 માટે જારી કર્યો છે. આ FSRનો 22મો અંક છે. RBI દ્વારા જારી કરવામાં આવેલા FSR અનુસાર શિડયુલ કોમર્શિયલ બેંકોનો Gross non-performing Assets (GNPA) ગુણોત્તર સપ્ટેમ્બર 2021 સુધીમાં 13.5% વધી શકે છે. FSR અનુસાર Net non Performing Assets (NNPA) અને Gross non-Performing Assets (GNPA)માં સતત ઘટાડો જોવા મળ્યો છે. Financial Stability Report (FSR) પ્રથમ વાર મે, 2010માં રજૂ કરવામાં આવ્યો હતો. વાર મેં, 2010માં રજૂ કરવામાં આવ્યો હતો. તે દર વર્ષે જૂન અને ડિસેમ્બર મહિનામાં રજૂ કરવામાં આવે છે. રઘુરામ રાજન સમિતિએ વર્ષ 2008માં ફાયનાન્સિયલ સ્ટેબિલિટી એન્ડ ડેવલપમેન્ટ કાઉન્સિલનો વિચાર રજૂ કર્યો હતો. કેન્દ્રીય નાણામંત્રી ફાયનાન્સિયલ સ્ટેબિલિટી એન્ડ ડેવલપમેન્ટ કાઉન્સિલના અધ્યક્ષ હોય છે.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

36. અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ જો બિડેને કોવિડ-19ના કારણે અમેરિકાના અર્થતંત્રને બચાવવા કેટલા રૂપિયાના મહાપેકેજની તાજેતરમાં જાહેરાત કરી છે ? – **1.9 ટ્રિલિયન ડોલર**

37. સશસ્ત્રદળોએ સેવાનિવૃત્ત સૈનિકોના માનમાં કયા દિવસે ઉજવણી કરી હતી ?

– **14 જાન્યુઆરી, 2021**

(14 જાન્યુઆરીને 'આર્મ્ડ ફોર્સિઝ વેટેરન્સ ડે' તરીકે ઉજવવામાં આવે છે. વર્ષ 2021માં પાંચમો આર્મ્ડ ફોર્સિઝ વેટેરન્સ ડે ઉજવવામાં આવ્યો છે.)

38. ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાનો તાજેતરમાં કેટલામો સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો ?

– **75મો**

(ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ એક વૈધાનિક સંસ્થા છે જે ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય હેઠળ કાર્યરત છે.)

39. સુપ્રીમકોર્ટના બાર એસોસિએશનના પ્રમુખપદેથી તાજેતરમાં કોણે રાજીનામું આપ્યું હતું ?

– **શ્રી દુષ્યંત દવેએ**

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT